# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૫

જ્ઞાનાનંદ અખંડાનંદ પૂર્ણાનંદ

લાભાનંદ પરમાનંદ શિવાનંદ



બ્રહ્માનંદ નિજાનંદ

ચિદાનંદ

નિત્યાનંદ

સહજાનંદ

ધ્યાનાનંદ

સ્વ

ૐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

આત્માનંદ

નિર્મલાનંદ ભાવાનંદ

વિશિષ્ટાનંદ

તત્ત્વાનંદ સ્વરૂપાનંદ

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● શ્રી જિનેન્દ્રભગવાનકા કહા હુઆ 'માન' યહ હૈ જો માન-પરિણામ ચિંતવન કરે : આત્મા પરમાત્માકે બરાબર હૈ—ઐસા માનના હી 'માન' કહા જાતા હૈ. ૭૨.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૪૦)

● હે ભવ્ય જીવો ! આત્માહીકે દ્વારા આત્માકા મનન કરો. જિસકા સ્વરૂપ શુદ્ધ હૈ, રાગાદિ મલરહિત નિર્મલ હૈ. ઉસે ઉત્કૃષ્ટ સ્વભાવકા ધારી પરમાત્મારૂપ હી માનો. પરમાત્માકે સ્વભાવકો નમન કરકે અર્થાત્ શ્રી સિદ્ધ ભગવાનકો અપને ભાવોંમેં પ્રીતિપૂર્વક ધારણ કરકે દ્રવ્યદૃષ્ટિસે અપનેકો વૈસા હી જાનકે ઈસી દ્રવ્યસ્વભાવકા મનન કરો. ક્યોંકિ જિસ પર્યાયકો પ્રાપ્ત કરના હૈ, ઉસીકી ભાવના કરનેસે વહ પર્યાય પ્રગટ હો સકતી હૈ. ૭૩.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૬૫)

● વિવક્ષિત—એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર—સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે જે 'સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજ-પરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'. ૭૪.

(શ્રી જયસેન આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૨૦)

● વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગી યદ્યપિ શુદ્ધાત્મ-સ્વરૂપકા સાધક હૈ ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ તો ભી પરમ સૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ સાધનરૂપ હૈ, વહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ. ૭૫.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધ્યાય-૧, ગાથા-૮૮ની ટીકા)

● જ્ઞાનકી પર્યાયમેં જ્ઞાનાવરણકે મંદ વ અધિક ક્ષયોપશમકી અપેક્ષા નિગોદસે લેકર બારહવેં ક્ષીણકષાય ગુણસ્થાન પર્યંત અનંત ભેદ હૈ. જો પર્યાયસ્વરૂપ જ્ઞાનકી અનુમોદના કરતા હૈ, એકાકાર શુદ્ધજ્ઞાનકો નહીં જાનતા હૈ, વહ જ્ઞાનમેં અંતરાય ડાલ રહા હૈ, યદિ યહ અંતરાય ન દેખા જાવે ઔર શુદ્ધ જ્ઞાનકો પહિચાના જાવે તો વહ નિર્મલ સ્વાભાવિક આત્માકા અવશ્ય સિદ્ધિ પાનેકા ઉપાય હૈ. ૭૬.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૯૦)

વર્ષ–૧૯
અંક–૫




વિ. સંવત
૨૦૮૧
January
A.D. 2025



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા-૫૯ના પ્રવચનમાંથી)



## કેવળજ્ઞાન તે જ સુખ છે

દશલક્ષણીપર્વમાં આજે ઉત્તમ ત્યાગ ધર્મનો દિવસ છે. ચૈતન્યમાં રાગની ઉત્પત્તિ ન થતાં વીતરાગદશા ઉત્પન્ન થવી તે ઉત્તમ ત્યાગ ધર્મ છે.

શ્રાવકના ધર્મમાં ચાર પ્રકારનાં દાન કહ્યાં છે તે વ્યવહારથી કહ્યાં છે. પરવસ્તુનો ત્યાગ તો આત્મા કરી શકતો નથી પણ અશુભરાગ છોડી શુભરાગ કરવો તે પણ ત્યાગધર્મ નથી. રાગનું સ્વામિત્વ છોડી ચૈતન્યનો આશ્રય કરતાં વીતરાગી દશા ઉત્પન્ન થતાં શુભાશુભ રાગનો સ્હેજે ત્યાગ થઈ જાય છે તે ઉત્તમ ત્યાગ ધર્મ છે.

અહીં કેવળજ્ઞાની જ પરિપૂર્ણ સુખી છે તે વાત ચાલે છે. ઈન્દ્રિયના લક્ષે દેવદર્શન, પૂજા, સામાયિક, પૌષધ વગેરે જે કાંઈ શુભભાવ જીવ કરે છે તે પુણ્યબંધ એટલે સંસારનું કારણ બને છે. તેનાથી ધર્મ થતો નથી, અને સુખ થતું નથી. અતીન્દ્રિય કેવળજ્ઞાન એક જ પરમ સુખ છે. તે કેવળજ્ઞાન સ્વયં આત્માથી થાય છે, સર્વ આત્મપ્રદેશેથી જાણે છે, અનંતા પદાર્થોને એકીસાથે એક સમયે જાણે છે, સ્પષ્ટ છે. ને અવગ્રહાદિ ક્રમરહિત જાણે છે, તેથી તેમાં જરાપણ આકુળતા નથી.

હવે ઈન્દ્રિયજ્ઞાન આકુળતામય છે એમ બતાવે છે.

(૧) પોતાના સ્વભાવને ચૂકીને ઈન્દ્રિયના આશ્રયે ઉપજતું ઈન્દ્રિયજ્ઞાન પરાધીન છે.

| શ્રી સુમતિનાથ સ્તુતિ | વિધિ વા નિષેધ સાપેક્ષ સહી,<br>ગુણ મુખ્ય કથન સ્યાદ્વાદ યહી; | શ્રી સ્વયંભૂ–સ્તોત્ર |
|---|---|---|

ભગવાનના દર્શન, પૂજા વગેરેના લક્ષે થતું બધું જ્ઞાન પરાધીન છે.

(૨) ઈન્દ્રિયજ્ઞાન આંખના પ્રદેશો દ્વારા જ જોવાનું કાર્ય કરે છે, આત્માના સર્વ પ્રદેશો દ્વારા કરી શકતું નથી, તેથી પરાધીન છે, આકુળતાવાળું છે.

(૩) ઈન્દ્રિયજ્ઞાન એક વિષયને જાણવા જતાં બીજા વિષયોને જાણી શકતું નથી માટે આકુળતામય છે.

(૪) સંશય-વિપરીતતા-વિભ્રમ દોષને લીધે યથાર્થ બોધ પમાડતું નથી.

(૫) અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા વગેરે ક્રમપૂર્વક ઈન્દ્રિયજ્ઞાન ઉપજે છે, એકી સાથે જ્ઞાન થતું નથી તેથી ખેદ થાય છે.

આ કારણોને લીધે ઈન્દ્રિયજ્ઞાન—પરોક્ષજ્ઞાન—આકુળતાવાળું જ છે તેમાં સુખ નથી, કેવળજ્ઞાન આકુળતારહિત છે તેથી તે પરમ સુખ છે એમ હવે કહે છે.

(૧) કેવળજ્ઞાન ચૈતન્યના અનાદિ નિત્ય સ્વભાવ ઉપર વિકાસ પામીને વ્યાપે છે. કેવળી ભગવાનને જડ ઈન્દ્રિય ને મન હોય છે પણ તેમને તેનો આશ્રય હોતો નથી. કેવળજ્ઞાન ધ્રુવસ્વભાવના લક્ષે પ્રગટ થાય છે માટે આત્માધીન છે. પ્રગટ થયા પછી સમયે સમયે તેનું પરિણમન થયા જ કરે છે, તે ધ્રુવશક્તિ અંતરમાં પડી છે તેમાંથી પ્રગટરૂપે આવે છે.

સિદ્ધ ભગવંતોને ઘણા વર્ષ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું માટે તેમના ધ્રુવ સ્વભાવમાં કાંઈ ઓછું થઈ ગયું એમ નથી અને નિત્યનિગોદનો જીવ અનાદિથી સંસારદશામાં છે ને કેવળજ્ઞાન પ્રગટ નથી માટે તેનો ધ્રુવસ્વભાવ વધી ગયો છે એમ નથી, કારણ કે વધઘટ ધ્રુવસ્વભાવમાં નથી. નિત્યનિગોદના જીવનો અને સિદ્ધના જીવનો ધ્રુવસ્વભાવ તો એકરૂપ છે. તે શક્તિનો વિશ્વાસ કરી જીવ તેનો આશ્રય કરે તો કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે કેવળજ્ઞાન આત્માધીન હોવાથી તેમાં આકુળતા હોતી નથી.

(૨) કેવળજ્ઞાન આત્માના સર્વ પ્રદેશોમાં પરમ પ્રત્યક્ષ છે. સર્વ પ્રદેશો દ્વારા જાણે છે. નીચલી દશામાં ઈન્દ્રિયજ્ઞાન વખતે નિમિત્ત થવાની યોગ્યતા અમુક પ્રદેશોમાં હતી પણ કેવળજ્ઞાનમાં એમ નથી. કેવળજ્ઞાન સર્વ આત્મપ્રદેશેથી જાણી શકે છે માટે તેમાં આકુળતા નથી.

(૩) કેવળજ્ઞાન લોકાલોકને પી ગયું છે. આખો લોકાલોક જે અનેક વિવિધતારૂપ છે તેને કેવળજ્ઞાન જાણે છે. જેમ પેટમાં પાણી સમાઈ જાય છે તેમ લોકાલોક તેમાં જણાઈ જાય છે. બહારના દૃશ્યમાન જ્ઞેય પદાર્થો કેવળજ્ઞાનમાં પેસી જતા નથી. જ્ઞેયો પેસી જતાં હોય તો

> ઇમ તત્ત્વ પ્રદર્શી આપ સુમતિ,
> થુતિ નાથ કરૂં હો શ્રેષ્ઠ સુમતિ. ૨૫

રૂપીના ગુણો અરૂપીમાં ભળી જાય. પણ એવું કદી બની બનતું નથી. જ્ઞેયો સ્વતંત્ર હયાતી રાખીને જ્ઞાનમાં જણાઈ જાય છે.

લોકાલોક કરતાં અનંત લોકાલોક હોય તોપણ તેને એક સમયમાં જાણવાની તાકાત કેવળજ્ઞાનની એક સમયની અવસ્થા છે. લોકાલોક ખૂટે પણ કેવળજ્ઞાન ખૂટતું નથી એવી કેવળજ્ઞાનની વિશાળતા છે. જેમ માંડવા ઉપર વેલડી પથરાતી પથરાતી જાય છે, માંડવો પૂરો થઈ જાય પણ વેલડી ખૂટતી નથી, તેમ કેવળજ્ઞાનરૂપી વેલડી મહાવિકાસથી વ્યાપી રહી છે તે કોઈ દિવસ ખૂટતી નથી.

કોઈ પ્રશ્ન કરે કે એકવાર કેવળજ્ઞાનમાં બધું જણાઈ ગયું પછી બીજા સમયે શું જાણવાનું બાકી રહે છે? તેનો ઉત્તર એ છે કે કેવળજ્ઞાનમાં પરને એટલે લોકાલોકને જાણવાની મહત્તા નથી. પોતાના શુદ્ધ સ્વભાવમાંથી સમયે સમયે આનંદ જ્ઞાન વગેરે પર્યાયો નવા નવા ઉત્પન્ન થાય છે તેને કેવળજ્ઞાની જાણી-અનુભવી રહ્યાં છે. લોકાલોકના જ્ઞેય પદાર્થો સમયે સમયે જેવી વિવિધતાને પામે છે તેવી જ વિવિધતા સમયે સમયે કેવળજ્ઞાનમાં સહજ જણાઈ જાય છે. જ્ઞેયોમાં વિવિધતા છે માટે જ્ઞાનમાં વિવિધતા જ્ઞેયને લઈને છે એમ નથી જ્ઞાન ને જ્ઞેય બંનેની સ્વતંત્રતા છે.

કોઈ જીવ ધર્મસભામાં પ્રશ્ન કરે-શંકા કરે ને ભગવાનને તેનો જવાબ આપવા વાણી કાઢવી પડે—ભગવાનને જવાબ આપવો પડે—એવું કેવળીપ્રભુને હોતું નથી. પ્રશ્નકારની શંકા ભગવાન પહેલેથી જ જાણે છે ને તેનો વ્યક્તિગત જવાબ આપવાનું ભગવાનને હોઈ શકે નહિ. ઓંકાર ધ્વનિમાં તેનો જવાબ સહેજે આવી જાય છે.

આવી રીતે કેવળજ્ઞાન પરિપૂર્ણ છે જેથી કોઈ પદાર્થને જાણવાની ઈચ્છા નથી માટે આકુળતા રહિત છે અર્થાત્ સુખરૂપ છે.

કેવળજ્ઞાન એક જ પરિપૂર્ણ સુખ છે.

આત્માના પૂર્ણ સુખનું કારણ શું? તે વાત ચાલે છે, ધ્રુવ ચૈતન્યનો આશ્રય કરીને વર્તતું પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન તે જ પૂર્ણ સુખનું કારણ છે.

(૧) આત્મા શરીર, પૈસા, કુટુંબ દેવ-ગુરુ-શાસ્ત્રથી જુદો છે તેથી તેમાં આત્માનું સુખ નથી તેમ જ તેનાથી આત્માને સુખ થતું નથી.

(૨) આત્માથી ભિન્ન એવી પરવસ્તુઓને પોતાની માનીને આત્માની અવસ્થામાં જે પુણ્ય-પાપના ભાવો કરે તે વિકારી ભાવો હોવાથી તેમાં પણ સુખ નથી.

**શ્રી પદ્મનાથ સ્તુતિ**

પદમપ્રભ પદ્મ સમાન શરીર,<br>
શુચિ લેશ્યાધર રૂપ ગંભીર;

(૩) પરવસ્તુમાં ને વિકારમાં સુખ માનીને જ્ઞાનનો જે પરલક્ષી ઉઘાડ હોય તે ક્ષયોપશમિક જ્ઞાન પણ ઇન્દ્રિયજનિત હોવાથી આકુળતાવાળું છે. તેમાં સુખ નથી છતાં સુખની માન્યતા કરવી તે મિથ્યા છે, ને દુઃખનું કારણ છે.

(૪) આત્માને કોઈ પરવસ્તુ, વિકાર અને પરલક્ષે થતો જ્ઞાનનો અલ્પ ઉઘાડ પણ સુખનું કારણ નથી. ધ્રુવ ચૈતન્યના આશ્રયે પ્રગટ પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન જ આત્માને સુખનું કારણ છે. માટે તેજ ઉપાદેય છે. એમ નક્કી કરીને તેની શ્રદ્ધા ને આશ્રય કરતાં ધર્મીને અંશે અતીન્દ્રિય જ્ઞાન તથા અંશે આનંદ પ્રગટ થાય છે તે પણ આત્માના પૂર્ણ સુખનું કારણ નથી.

આત્માના પૂર્ણ સુખનું કારણ પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન છે તે પૂર્ણ અતીન્દ્રિયજ્ઞાન ધ્રુવ ચૈતન્ય દ્રવ્યના અવલંબને જ પ્રગટે છે, તેથી તે કારણે છે. એટલે તે ધ્રુવ ચૈતન્ય દ્રવ્યના આશ્રયે જે કેવળજ્ઞાન પ્રગટે તેજ પૂર્ણ સુખનું સાધન છે. કેવલજ્ઞાન પરિપૂર્ણ સુખ છે તેના ત્રણ બોલ ગઈ કાલે આવી ગયા છે.

(૧) કેવળજ્ઞાન ઇન્દ્રિયના આલંબન વગરનું આત્માધીન છે,

(૨) સર્વ આનંદપ્રદેશેથી એકીસાથે બધું જાણે છે.

(૩) ને બધા પદાર્થોને એક સાથે જાણે છે તેથી તેમાં આકુળતા નથી. આજે હવે આગળના બોલ કહેવાય છે.

(૪) નિમિત્તો તરફનો આશ્રય સર્વથા મટી ગયો છે ને આત્મસ્વભાવનો સર્વથા સાથી થયો છે, વળી જ્ઞાનાવરણીય કર્મ ટળી ગયું છે, તેથી કેવળજ્ઞાન અત્યંત અત્યંત સ્પષ્ટ ચૈતન્ય પ્રકાશવાળું વિમળ છે તેમાં નીચલીદશામાં રહેલા શંકા, વિપરીતતા વગેરે દોષો હોતા નથી તેથી કેવળજ્ઞાનમાં આકુળતા નથી.

(૫) લોકાલોકના જ્ઞેય પદાર્થો પોતાની ત્રણેકાળની અવસ્થા સહિત કેવળજ્ઞાનમાં એક સમયે જણાઈ જાય એવો જ્ઞેયોનો સ્વભાવ હોવાથી જ્ઞેયો યુગપદ્ કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. અધૂરીદશામાં છદ્મસ્થનું જ્ઞાન એક જ્ઞેય પછી બીજા જ્ઞેયને જાણતું ને તે પણ અવગ્રહ-ઈહા વગેરે ક્રમપૂર્વક જાણતું તેથી તેમાં ખેદ થતો પણ કેવળજ્ઞાનમાં અક્રમે બધા પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી ખેદ હોતો નથી એટલે આકુળતા નથી. તેથી નક્કી થાય છે કે કેવળજ્ઞાન એ જ પરિપૂર્ણ સુખ છે ને તેજ ઉપાદેય છે.

અજ્ઞાની જીવ માને છે કે ગુરુની વાણીથી શિષ્યને લાભ થયો ને વાણી અને શુભરાગથી જ્ઞાન થયું પણ તે માન્યતા ખોટી છે.

પરમ શ્રી શોભિત મૂર્તિ પ્રકાશ,
કોમલ સૂરજવત્ ભવ્ય વિકાશ. ૨૬

(૧) ગુરુની વાણી શિષ્યના કાનને સ્પર્શી જ નથી કારણ કે એકબીજાને અન્યો અન્ય અભાવ છે.

(૨) ગુરુની વાણી, શિષ્યના જીવને કદી સ્પર્શી જ નથી માટે તેનાથી જ્ઞાન થાય નહિ. કારણ કે એકબીજાને અત્યંત અભાવ છે.

(૩) ગુરુનું જ્ઞાન શિષ્યના જ્ઞાનને કદી સ્પર્શ્યું જ નથી માટે ગુરુના જ્ઞાનથી શિષ્યને જ્ઞાન થાય નહિ. કારણ કે એકબીજાને અત્યંત અભાવ છે.

(૪) વાણીના લક્ષે થતો શિષ્યનો શુભરાગ જે ચારિત્રગુણનો વિકારી પર્યાય છે તે શિષ્યના જ્ઞાનગુણની પર્યાયને સ્પર્શ્યો નથી તેથી તે વડે પણ જ્ઞાનની અવસ્થા ખીલતી નથી કારણ કે એકબીજાને અતદ્ભાવ છે.

(૫) શુભાશુભભાવો ગમે તેટલા તીવ્ર હોય તોપણ તે પોતાના શુદ્ધસ્વભાવને કદી સ્પર્શ્યો જ નથી કારણ કે એકબીજાને અત્યંત અભાવ છે.

(૬) પોતાના જ્ઞાનગુણની પૂર્વ અવસ્થા પણ જ્ઞાનની વર્તમાન અવસ્થાને સ્પર્શતી નથી. ગમે તેટલો પૂર્વનો પરલક્ષી ઉઘાડ હોય તો પણ તે વર્તમાન જ્ઞાનની અવસ્થાને મદદ કરતો નથી. કારણ કે એકબીજામાં અભાવ છે.

(૭) સાધકદશામાં પણ સમ્યક્જ્ઞાનનો પૂર્વ પર્યાય, પછીના જ્ઞાનનો પર્યાયને મદદ કરતો નથી. ગણધર ભગવાન જે ચાર જ્ઞાનના ધણી છે તેમની બારમા ગુણસ્થાનની જ્ઞાનની અવસ્થા તેરમાં ગુણસ્થાનની એટલે કેવળજ્ઞાનની અવસ્થાને સ્પર્શી જ નથી. સમ્યક્ શ્રુતજ્ઞાનથી પણ કેવળજ્ઞાન પ્રગટતું નથી. એક બીજામાં અભાવ છે. એક બીજામાં અભાવ-સ્વભાવવાળી વસ્તુ બીજી વસ્તુને શું મદદ કરે ? કાંઈ નહિ, દરેક દ્રવ્યો ગુણો ને પર્યાયો સ્વતંત્ર હયાતી ધરાવી રહ્યા છે અસહાય છે, જીવમાં જ્ઞાનને શુભરાગ એક સમયમાં સાથે હોવા છતાં અને બંને એક જ દ્રવ્યના પર્યાય હોવા છતાં શુભરાગ જ્ઞાનને મદદ કરતો નથી તો પછી બહારના સંયોગો જીવને મદદ કે સુખ આપે એ માનવું તદ્દન મિથ્યા છે.

જે જીવ રાગથી લાભ માને, ઈન્દ્રિયજ્ઞાનથી લાભ માને કે પૂર્વ પર્યાયથી લાભ માને તે તેની સાથે એકત્વબુદ્ધિ કર્યા વગર લાભ માની શકે નહિ, અજ્ઞાની જીવ સંયોગ તથા પર્યાયથી જુવે છે એ તેની પર્યાયદૃષ્ટિ છે, માટે ચૈતન્ય ધ્રુવ સ્વભાવને આદરણીય માનવો તે દ્રવ્યદૃષ્ટિ છે ને તે દ્રવ્યદૃષ્ટિ વડે એટલે કે ધ્રુવ સ્વભાવના આશ્રયે જ કેવળજ્ઞાન પ્રગટે છે.

(ક્રમશઃ) ❊

ધરત જ્ઞાનાદિ રિદ્ધિ અવિકાર,
પરમ ધ્વનિ ચારુ સમવસૃત સાર;

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૬, ગાથા - ૩૪-૩૫)

## સ્વતંત્રતાનો ઢંઢેરો

આ શ્રી ઈષ્ટોપદેશની ૩૪મી ગાથા ચાલે છે. આ ગાથામાં પૂજ્યપાદસ્વામી 'આત્માનો ગુરુ આત્મા પોતે જ છે.' એમ સિદ્ધ કરે છે.

स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।
स्वयं हित (तं) प्रयोक्तृत्वादत्मैव गुरुरात्मनः ।।३४।।

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જીવને જ્યારે પોતાને જ સત્‌ની અભિલાષા જાગે છે ત્યારે તેને કોઈ રોકી શકતું નથી અને જ્યારે તેને સંસારની અભિલાષા હોય ત્યારે ગુરુ આદિ કોઈ તેને મોક્ષની અભિલાષા કરાવી શકતા નથી. માટે ખરેખર આત્માનો ગુરુ આત્મા પોતે છે.

સંસારના વૈભવ, આબરૂ, કીર્તિ, પુણ્ય આદિ કે જેમાં સુખ નથી છતાં અજ્ઞાની તેમાં સુખ માનીને અભિલાષા કરે છે તેને કોણ રોકી શકે ? જ્યાં પોતાને જ અંતરથી સત્‌સુખની અભિલાષા ન જાગે ત્યાં સુધી ગુરુ તેને શું કરે !

સત્‌સુખની અભિલાષા એટલે આત્માના પૂર્ણ આનંદરૂપ મોક્ષની અભિલાષાની વાત છે. મોક્ષ એક જ સુખરૂપ છે. તે સિવાય ચાર ગતિ, કીર્તિ, આબરૂ આદિ બધું દુઃખરૂપ છે અને દુઃખનું કારણ છે. બધા પરદ્રવ્ય અને રાગાદિથી છૂટો પડીને જીવ પોતાની પૂર્ણ આનંદદશા પ્રગટ કરે તે મોક્ષ છે. તે જ સત્‌સુખ છે. એવા સત્‌ની અભિલાષા કરનારો આત્મા પોતે છે માટે પોતાનો ગુરુ પોતે છે.

આ જીવે અસત્ સુખમાં-કલ્પનામાં અનંતકાળ ગાળ્યો પણ, તેમાં ધૂળેય સુખ નથી. સ્વર્ગમાં, આબરૂમાં, કીર્તિમાં, સ્ત્રી-પુત્રાદિમાં, પૈસામાં, અમલદારપણામાં, પરની મોટાઈમાં ક્યાંય સુખ નથી. સુખ તો એક મોક્ષમાં છે. આમ જાણતાં જેને બધાં અસત્

રહે અરહંત પરમ હિતકાર,
ધરી બોધશ્રી મુક્તિ મંઝાર. ૨૭

સુખોની અભિલાષા તૂટીને એક સત્‌સુખની અભિલાષા જાગી છે તે જીવ પોતે જ પોતાનો ગુરુ છે. આવી અભિલાષા જાગે છે ત્યારે તેને ઉપદેશ આપનારા ગુરુ નિમિત્ત કહેવાય છે પણ જેને અભિલાષા નથી, તેને ગુરુ લાખ ઉપદેશ આપે તોપણ શું ? ગુરુ કોઈ તેને સત્‌ની અભિલાષા કરાવી દેતા નથી.

જેને સંસારના અસત્ સુખો પ્રત્યે વૈરાગ્ય જાગ્યો છે અને નિરંતર એક જ ભાવના રહે છે કે 'હું મારું સત્‌સુખ-મોક્ષસુખ કેમ પામું ?' એવી ભાવનાવાળા પાત્ર જીવ આગળ ઉપાય શોધીને તેનું પ્રવર્તન કરે છે.

ત્યાગી થાય, સાધુ થાય, બ્રહ્મચારી થાય પણ જ્યાં ત્યાં ઝાંવાં નાખે કે મને મોટાઈ કેમ મળે ! તે આ બધી સંસારના સુખની-મિથ્યાત્વની અભિલાષા છે. ગૃહસ્થી હોય તે વળી છોકરા મોટા થશે પછી સુખ થશે એમ પરમાંથી સુખ લેવાની અભિલાષા કરે છે, તે બધા મૂઢ છે. તેને ગુરુ શી રીતે સમજાવે ! બગલાને સમજાવી શકાય તો આવા અજ્ઞાની મૂઢને સમજાવી શકાય એમ આગળ દાખલો આવશે. પોપટને સમજાવી શકાય પણ બગલાને સમજાવી શકાય નહિ.

જ્યારે આત્મા પોતે સ્વતઃ એવો મોક્ષનો અભિલાષી થાય છે, ત્યારે તે મોક્ષનો ઉપાય શોધે છે અને તે શોધીને પોતે જ પોતાને મોક્ષનો ઉપાય બતાવવાવાળો બની જાય છે. અરે આત્મા ! બહારમાં ક્યાંય સુખ નથી. સુખ તો આત્મામાં જ છે. બહારમાં કોઈ સુખ આપનાર નથી.

આ જીવ અનંત તીર્થંકરના સમોસરણમાં જઈ આવ્યો, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો પણ પોતાના અંતરના શલ્ય કાઢ્યાં નહિ. પરમાંથી મીઠાશની બુદ્ધિ છોડી નહિ અને સત્‌સુખનો ઉપાય શોધ્યો નહિ તો તો તીર્થંકરાદિ તેને શું કરી શકે ?

જીવ જ્યારે સ્વયં સત્‌સુખનો અભિલાષી બને છે ત્યારે પોતે જ તેનો ઉપાય શોધે છે અને તે ઉપાયમાં પોતે જ પ્રવર્તન કરે છે. પોતે જ સ્વરૂપમાં સ્થિર થાય છે. તેને બીજું કોઈ પ્રવર્તન કરાવી દેતું નથી. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પામનારો આત્મા પોતે છે.

મોક્ષાભિલાષી આત્મા પોતે પોતાને સમજાવે છે કે 'આ મોક્ષસુખનો ઉપાય મહા દુર્લભ છે. તેનો હે દુરાત્મન્ ! તેં આજ સુધી કાંઈ પ્રયત્ન ન કર્યો ! ચૈતન્ય મહાસાગરને જોવાનો તને આજ સુધી સમય ન મળ્યો !'

**પ્રભૂ તન રશ્મિસમૂહ પ્રસાર,**
**બાલ સૂર્યસમ છબિ ધરતાર;**

જુઓ ! આમાં કર્મનો દોષ ક્યાંય લીધો નથી કે કર્મે જીવને હેરાન કર્યો, પોતે જ કર્તા થઈ પરમાં સુખની અભિલાષા રાખી હતી અને તેનો ઉપાય કરતો હતો તેથી દુઃખી થતો હતો. હવે પોતે જ કર્તા થઈને આત્માના મોક્ષસુખની અભિલાષા કરે છે અને તેનો ઉપાય કરે છે તેથી સુખી થાય છે. અનાદિથી પોતાનું સ્વાધીનપણું છોડીને પોતે જ પરાધીન થતો હતો તેને કોઈએ પરાધીન કર્યો ન હતો. તો હવે સ્વાધીન પણ પોતાની મેળે જ થાય છે તેને કોઈ સ્વાધીન બનાવતું નથી.

આઠ આઠ વર્ષના રાજકુમારો દીક્ષા લેવા ચાલી નીકળે છે. અહા ! શું તેમનો વૈરાગ્ય ! હજી તો પરણ્યા નથી, સંસારના સુખ જોયા નથી પણ વૈરાગ્યનો પાર નથી. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા તેને નડતી નથી, તે જાણે છે કે અમારો સ્વભાવ જ અમને અનુકૂળ છે અને અમારી ઊંધાઈ જ અમને પ્રતિકૂળ છે.

મોક્ષસુખ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી—એમ કલ્યાણનો અભિલાષી પોતે પોતાને કલ્યાણનો ઉપાય બતાવે છે અને પોતે તેમાં પ્રવર્તન કરે છે માટે પોતાનો ગુરુ પોતે છે. નિજગુરુ નિજને સમજાવે છે કે અરે ભાઈ ! ચાર ગતિના દુઃખથી તારી કેડ હજુ ભાંગી નથી ! તને દુઃખ આકરું નથી લાગતું ! તારું સુખ તારામાં છે પણ તે બહારમાં સુખ માટે ઝાંવાં નાખ્યાં. હવે ત્યાંથી પાછો વળ અને સ્વભાવનું સુખ પ્રગટ કર ! આમ પોતે પોતાના હિતની પ્રેરણા કરે છે, માટે પોતે જ પોતાનો ગુરુ છે.

આમ સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ ! આપે તો ગુરુના ઉપદેશનું શ્રવણ, ગુરુની સેવા, સત્સંગ આદિ બધું ઉડાવી દીધું તો પછી કોઈ કોઈની સેવા નહિ કરે, ગુરુ પાસે જશે નહિ અને ગુરુની સેવા-સત્સંગ આદિ કરશે નહિ. આવું તમારાથી ન કહેવાય કેમ કે એમ માનવાથી તો બહુ ગડબડ ઊભી થશે. બધા સ્વચ્છંદી થઈ જશે.

આવું બોલનાર શિષ્યને ગુરુ ગાથા દ્વારા ઉત્તર આપે છે.

नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति ।
निमित्तमात्रमन्यस्तु गतेर्धर्मास्तिकायवत् ।।३५।।

મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય.
નિમિત્તમાત્ર સો અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.

નર સુર પૂર્ણ સભામેં વ્યાપા,
જિમ ગિરિ પદ્મરાગ મણિ તાપા. ૨૮

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય એવા અભવ્ય આદિ જીવોને ધર્માચાર્યાદિક હજાર ઉપદેશ આપે તોપણ તે તેને (ધર્મને) પ્રાપ્ત કરી શકતા નથી.

જેને અંતરમાં આત્મા સમજવાની દરકાર જ નથી, પાત્રતા નથી, પરથી જુદા પડવાનો વૈરાગ્ય નથી અને સ્વભાવની અસ્તિની રુચિ નથી તેને ગુરુ શું કરે ? જેના પેટમાં ઝેર હોય તેને દૂધ પીવડાવો તો ઝેર ઊતરે નહિ. દૂધ પણ ઝેર થઈ જાય તેમ જેને અંતરમાં પરની રુચિ પડી છે તેને ગુરુ આત્માની રુચિ કરાવી શકતા નથી.

કોઈ પણ કાર્યની ઉત્પત્તિ કરવા માટે સ્વાભાવિક ગુણની અપેક્ષા હોય છે, બીજા કોઈ અનુકૂળ નિમિત્તો તે કાર્ય કરાવી શકતાં નથી. જેમ પોપટને પઢાવવાથી તે પઢે છે કેમ કે તેનામાં એવી યોગ્યતા છે પણ ગમે તેટલો પ્રયત્ન કરના છતાં બગલાને કોઈ પઢાવી શકતું નથી કેમકે તેનામાં એવો ગુણ નથી.

જેમ સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્ગલને ધર્મદ્રવ્ય નિમિત્ત થાય છે તેમ સ્વયં પોતાની પાત્રતાથી જીવ સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય છે. કાર્ય તો પોતાના સ્વાભાવિક ગુણના પુરુષાર્થથી જ થાય છે, નિમિત્તથી નહિ.

આમ પોતાની પાત્રતા વગર ગુરુના ઉપદેશથી ધર્મ પરિણમતો નથી એટલે કે અજ્ઞ-મૂર્ખને જ્ઞાન કરાવી શકાતું નથી અને જે તત્ત્વજ્ઞાની હોય તેને કોઈ અજ્ઞાની કરી શકતું નથી. કોઈ અજ્ઞાની એમ માને કે હું એવી વાત કરું કે જેથી જ્ઞાની પણ અજ્ઞાની થાય તો આ વાત ત્રણ કાળમાં બની શકતી નથી કેમકે પોતાના પુરુષાર્થથી જે વાત સમ્યક્-શ્રદ્ધામાં બેઠી હોય તેને કોઈ કરોડો ઉપાય વડે ફેરવી શકતું નથી.

અહીં તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટાય છે, ત્રણ કાળમાં કોઈ જ્ઞાની જ્ઞાનને અજ્ઞાન કરી શકે નહિ, અજ્ઞાનીને જ્ઞાની કરી શકે નહિ. પોતાની લાયકાતથી સમજે અને શ્રદ્ધા કરે તેને કોણ રોકી શકે અને પોતાની ઊંધાઈથી આડા પડે તેને પણ કોણ રોકી શકે ?

(ક્રમશઃ) ✻

✻ ચારિત્ર તે ધર્મ અને તેનું મૂળ સમ્યગ્દર્શન તથા તેનું ફળ કેવળજ્ઞાન, તેની સામે કહે છે કે તું ભગવાન સ્વરૂપ છો પણ તેને ભૂલી જવું તે ભ્રમણા છે, એ ભ્રમણા પુણ્ય–પાપરૂપી અધર્મનું મૂળ છે અને તેનું ફળ સંસાર છે. ૭૬

सहसपत्र कमलों पर विहरे,
नभमें मानो पल्लव प्रसरे;



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## નિર્વિકલ્પ–સ્વાનુભૂતિ થવાનું સુંદર વર્ણન

## સ્વરૂપના ચિંતનમાં આનંદતરંગ ઊઠે છે...રોમાંચ થાય છે

નિયમસારમાં પ્રભુ કુંદકુંદસ્વામી કહે છે કે—

કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું,–એમ જ્ઞાની ચિંતવે. (૯૬)

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે–જુએ જે સર્વ તે હું–એમ જ્ઞાની ચિંતવે. (૯૭)

—આવા નિજઆત્માની ભાવના કરવાની મુમુક્ષુને શિખામણ આપી છે. ને કહ્યું છે કે આવી ભાવનાના અભ્યાસથી મધ્યસ્થતા થાય છે, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પણ આવી નિજાત્મભાવનાથી પ્રગટે છે. સમ્યગ્દર્શન થયા પછી, તેમ જ સમ્યગ્દર્શન કરવા માટે પણ આવી જ ભાવના અને આવું ચિંતવન કર્તવ્ય છે. 'સહજ શુદ્ધાત્માની અનુભૂતિ એટલો જ હું છું, મારા સ્વસંવેદનમાં આવું છું એ જ હું છું'— આવા સમ્યક્ ચિંતનમાં સહજ જ આનંદતરંગ ઊઠે છે ને રોમાંચ થાય છે....

જુઓ તો ખરા, આમાં ચૈતન્યની અનુભૂતિનો કેટલો રસ ઘૂંટાય છે! ઉપર કહ્યું ત્યાંસુધી તો હજી સવિકલ્પદશા છે. આ ચિંતનમાં 'આનંદતરંગ ઊઠે છે' તે હજી નિર્વિકલ્પ અનુભૂતિનો આનંદ નથી, પણ સ્વભાવ તરફના ઉલ્લાસનો આનંદ છે, શાંત પરિણામનો આનંદ છે; અને તેમાં સ્વભાવ તરફના અતિશય પ્રેમને લીધે રોમાંચ થાય છે. રોમાંચ એટલે વિશેષ ઉલ્લાસ; સ્વભાવ તરફનો વિશેષ ઉત્સાહ; જેમ સંસારમાં ભયનો કે આનંદનો કોઈ વિશિષ્ટ ખાસ પ્રસંગ બનતાં રોમરોમ ઉલ્લસી જાય છે તેને રોમાંચ થયો કહેવાય, તેમ અહીં સ્વભાવના નિર્વિકલ્પ અનુભવના ખાસ પ્રસંગે ધર્મીને આત્માના અસંખ્યપ્રદેશે સ્વભાવના અપૂર્વ ઉલ્લાસનો રોમાંચ થાય છે. પછી ચૈતન્યસ્વભાવના રસની ઉગ્રતા વડે એ વિચારો (વિકલ્પો) પણ છૂટી જાય ને પરિણામ

કામદેવ જેતા જિનરાજા,
કરત પ્રજાકા આતમ કાજા. ૨૯

અંતર્મગ્ન થતાં કેવળ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે, એટલે કે બધા પરિણામ સ્વરૂપમાં એકાગ્ર થઈને વર્તે, ઉપયોગ સ્વાનુભવમાં પ્રવર્તે, ત્યારે નિર્વિકલ્પ આનંદદશા અનુભવાય છે. ત્યાં દર્શન–જ્ઞાન–ચારિત્ર સંબંધી કે નયપ્રમાણ વગેરે સંબંધી કોઈ વિચાર હોતો નથી, સર્વે વિકલ્પો વિલય પામે છે. અહીં સ્વરૂપમાં જ વ્યાપ્ય–વ્યાપકતા છે એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે એકમેક–એકાકાર અભેદપણે અનુભવાય છે. અનુભવ કરનારી પર્યાય સ્વરૂપમાં વ્યાપી ગઈ છે, જુદી રહેતી નથી. પરભાવો અનુભવથી બહાર રહી ગયા પણ નિર્મળ પર્યાય તો અનુભૂતિમાં ભેગી ભળી ગઈ.

પહેલાં વિચારદશામાં જ્ઞાને જે સ્વરૂપ લક્ષમાં લીધું હતું, તે સ્વરૂપમાં જ્ઞાનનો ઉપયોગ જોડાઈ ગયો, ને વચ્ચેનો વિકલ્પ નીકળી ગયો, એકલું જ્ઞાન રહી ગયું એટલે અતીન્દ્રિય નિર્વિકલ્પ–અનુભૂતિ થઈ, પરમ આનંદ થયો, આવી અનુભૂતિમાં પ્રતિક્રમણ, સામાયિક, પ્રત્યાખ્યાન વગેરે બધા ધર્મો સમાઈ જાય છે. આ અનુભૂતિને જ જૈનશાસન કહ્યું છે; એ જ વીતરાગમાર્ગ છે, એ જ જૈનધર્મ છે, એ જ શ્રુતનો સાર છે, સંતોની ને આગમની એ જ આજ્ઞા છે. શુદ્ધાત્મ-અનુભૂતિનો અપાર મહિમા છે તે ક્યાં સુધી કહીએ? જાતે અનુભૂતિ કરે એને એની ખબર પડે.

આ કોની વાત છે? ગૃહસ્થ સમકિતીની વાત છે. જે હજી ઘર–કુટુંબ–પરિવાર વચ્ચે રહેલો છે, વેપાર–ધંધા–રસોઈ વગેરેના ભાવ કરે છે ને અંદર એ બધાથી ભિન્ન શુદ્ધાત્માને પણ જાણ્યો છે, તે જીવ ઉદ્યમ વડે બહારથી પરિણામને પાછા ખેંચીને, ઉપયોગને નિજસ્વરૂપમાં જોડે છે ને નિર્વિકલ્પ અનુભવ કરે છે તેની આ વાત છે. આવો અનુભવ ચારેગતિના જીવોને (તિર્યંચ અને નરક ગતિમાં પણ) થઈ શકે છે. પહેલાં જેણે સાચો તત્ત્વનિર્ણય કર્યો હોય, વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઓળખાણ કરી હોય, નવ તત્ત્વમાં વિપરીતતા દૂર કરી હોય, પર્યાયમાં આસ્રવ–બંધરૂપ વિકાર છે, શુદ્ધ દ્રવ્યના આશ્રયે એ ટળીને શુદ્ધાત્મઅનુભૂતિથી સંવર-નિર્જરારૂપ શુદ્ધદશા પ્રગટે છે,—આમ અનેકાન્તવડે દ્રવ્ય–પર્યાય બધા પડખાના જ્ઞાનપૂર્વક શુદ્ધ અનુભવ થાય છે. અન્ય લોકો જે શુદ્ધ અનુભવની વાત કરે છે તેમાં અને જૈનના શુદ્ધઅનુભવમાં મોટો ફેર છે; અન્ય લોકો તો, પર્યાયમાં અશુદ્ધતા હતી ને શુદ્ધતા થઈ એના સ્વીકાર વગર એકાન્ત શુદ્ધ–શુદ્ધની વાતો કરે છે પણ એવો (શુદ્ધ પર્યાય વિનાનો) શુદ્ધ અનુભવ હોય નહિ. જૈનનો શુદ્ધઅનુભવ તો શુદ્ધ–પર્યાયના સ્વીકાર સહિત છે. પહેલાં અશુદ્ધતા હતી તે ટળીને

તુમ ઋષિ ગુણસાગર ગુણ લવ ભી,<br>
કથન ન સમરથ ઇન્દ્ર કભી ભી;

શુદ્ધપર્યાય થઈ તેને જો ન સ્વીકારે તો શુદ્ધતાનો અનુભવ કર્યો કોણે? ને એ અનુભવનું ફળ શેમાં આવ્યું? દ્રવ્ય અને પર્યાય એ બંનેના સ્વીકારરૂપ અનેકાન્ત વગર અનુભવ, અનુભવનું ફળ એ કાંઈ બની શકતું નથી. પર્યાય અંતર્મુખ થઈને જ્યારે શુદ્ધસ્વભાવનું આરાધન–સેવન–ધ્યાન કરે ત્યારે જ શુદ્ધ અનુભવ થાય છે.

આ શુદ્ધ અનુભવ એટલે કે નિર્વિકલ્પ અનુભવ શું ચીજ છે ને કેવી એ અંતરદશા છે! એ જિજ્ઞાસુએ લક્ષગત કરવા જેવું છે. અહા, નિર્વિકલ્પ અનુભવનું પૂરું કથન કરવાની વાણીમાં તાકાત નથી; જ્ઞાનમાં એને જાણવાની તાકાત છે, અંદર વેદનમાં આવે છે, પણ વાણીમાં એ પૂરું આવતું નથી, જ્ઞાનીની વાણીમાં એના માત્ર ઈશારા આવે છે. અરે, જે વિકલ્પને પણ ગમ્ય થતો નથી એવો નિર્વિકલ્પ અનુભવ વાણીથી કઈ રીતે ગમ્ય થાય? એ તો સ્વાનુભવગમ્ય છે.

એક સજ્જન સાકરનો મીઠો સ્વાદ લેતો હોય ત્યાં કોઈ બીજો માણસ જિજ્ઞાસાપૂર્વક એ સાકર ખાનારને જુએ કે તેની પાસેથી સાકરના મીઠા સ્વાદનું વર્ણન સાંભળે તેથી કાંઈ તેના મોઢામાં સાકરનો સ્વાદ આવી જાય નહિ; જાતે સાકરની કટકી લઈને મોઢામાં મૂકીને ઓગાળે ત્યારે જ તેને સાકરના મીઠા સ્વાદનો અનુભવ થાય છે; તેમ કોઈ સજ્જન એટલે કે સંત ધર્માત્મા–સમ્યગ્દષ્ટિ નિર્વિકલ્પ સ્વાનુભવમાં અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ લેતા હોય ત્યાં બીજા જીવો જિજ્ઞાસાપૂર્વક એ અનુભવી ધર્માત્માને દેખે ને તેમની પાસેથી પ્રેમપૂર્વક એ અનુભવનું વર્ણન સાંભળે તેથી કાંઈ તેને નિર્વિકલ્પ અનુભૂતિનો સ્વાદ આવી જાય નહિ, એ જીવ પોતે શુદ્ધાત્માને લક્ષમાં લઈ એને જ મુખ્ય કરી જ્યારે અંતર્મુખ ઉપયોગ વડે સ્વાનુભવ કરે ત્યારે જ તેને શુદ્ધાત્માના નિર્વિકલ્પ અનુભવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ વેદનમાં આવે છે. આવો સ્વાનુભવ થતાં સમ્યગ્દષ્ટિ જાણે છે કે અહા, મારી વસ્તુ મને પ્રાપ્ત થઈ. મારામાં જ રહેલી મારી વસ્તુને હું ભૂલી ગયો હતો તે ધર્માત્મા ગુરુઓના અનુગ્રહથી મને પ્રાપ્ત થઈ. પોતાની વસ્તુ પોતામાં જ છે, તે નિજધ્યાન વડે પ્રાપ્ત થાય છે, બહારના કોઈ રાગાદિ ભાવ વડે તે પ્રાપ્ત થતી નથી એટલે કે અનુભવમાં આવતી નથી. સવિકલ્પદ્વાર વડે નિર્વિકલ્પમાં આવ્યો–એમ ઉપચારથી કહેવાય છે. સ્વરૂપના અનુભવનો ઉદ્યમ કરતાં કરતાં પ્રથમ તેના સવિકલ્પ વિચારની ધારા ઊપડે છે, તેમાં સૂક્ષ્મ રાગ અને વિકલ્પો હોય છે, પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૨ ઉપર)

હૂં બાલક કૈસે ગુણ ગાઊં,
ગાઢ ભક્તિસે કુછ કહ જાઊં. ૩૦



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આ મિશ્રધર્મનો અધિકાર છે. આત્માનો જ્ઞાન ને દર્શનરૂપી ચેતનાસ્વભાવ છે. તેમાં લીનતા કરી કેવળજ્ઞાનદશા ન થાય ત્યાં સુધી મિશ્રધર્મ છે એમ કહે છે. કેવળજ્ઞાનમાં કર્મધારા નથી. એકલી જ્ઞાનધારા છે ને જે દયા-દાનથી ધર્મ માને ને શરીરની ક્રિયાથી ધર્મ માને તેવા મિથ્યાદૃષ્ટિને એકલી કર્મધારા છે, ત્યાં મિશ્રધારા નથી. ચોથાથી બારમા ગુણસ્થાન સુધી મિશ્રધર્મ છે તેની વાત કરે છે.

હું આત્મા અખંડાનંદ છું—એવી શ્રદ્ધા ને સ્થિરતા કરી તેટલી જ્ઞાનધારા છે ને જેટલો રાગ બાકી રહ્યો તેટલી રાગધારા છે. આત્માના અવલંબને આનંદધારા હોય છે, પણ સાધકને જ્ઞાનચેતના પૂર્ણ થઈ નથી એટલો રાગભાવ બાકી છે. ચોથા, પાંચમા, છઠ્ઠા વગેરે ગુણસ્થાનવાળા જીવોને ગુણની અપૂર્ણતા છે એટલો મિશ્રભાવ છે, પણ મુખ્ય શ્રદ્ધાભાવ છે. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, એક રજકણનો કર્તા-ભોક્તા નથી તેમ જ રાગાદિનો ખરેખર કર્તા-ભોક્તા નથી, એવા શ્રદ્ધાભાવમાં આનંદ છે ને આવી શ્રદ્ધા થયા છતાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગાદિ પરિણામ થાય છે પણ તે ગૌણ વર્તે છે. રાગાદિ હેયભાવે વર્તે છે તેને વ્યવહાર ગણી તે મારા સ્વરૂપમાં નથી એમ કહ્યું છે.

શ્રી નિયમસારની ટીકામાં પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે ‘‘હું સ્વર્ગમાં હોઉં કે ગમે ત્યાં હોઉં તો હે પ્રભુ! તારા ચરણકમળમાં રહું’’ તેનો અર્થ એમ છે કે—પુદ્‌ગલપરાવર્તનના નિયમ મુજબ બહારની ગમે તે અવસ્થા હો, હું સ્વર્ગમાં હોઉં કે બીજે જડના ગમે તે સંયોગમાં હોઉં, પણ તે વખતે હું ચિદાનંદ આત્માની દૃષ્ટિ ટકાવી રાખું—એ મારી ભાવના છે. ને એ જ તારી ભક્તિ છે. નરકમાં હોઉં તોપણ તે વખતે નરકનાં ક્ષેત્ર, ભવ ને અલ્પરાગ જે વર્તતાં હોય તેની રુચિ નહિ રહેતાં હું જ્ઞાનસ્વભાવી છું એવી શ્રદ્ધા થઈ છે તે કાયમ રહેજો. મુનિને નરકપર્યાય થતી નથી પણ સંયોગદૃષ્ટિ ઉડાડે છે, હું સંયોગમાં નથી, હું શુદ્ધસ્વભાવી છું, આમ સ્વભાવની મુખ્યતાનું ધ્યેય હોવાથી સંયોગો અને પર્યાયમાં થતા રાગાદિ ભાવ ગૌણ છે, તેનો આદર નથી. હે નાથ!

**શ્રી સુપાર્શ્વજિન સ્તુતિ**

જય સુપાર્શ્વ ભગવન્ હિત ભાષા,
ક્ષણિક ભોગકી તજ અભિલાષા;

સંયોગો તો  નહિ. પણ જે વિકલ્પ ઊઠે છે તેને ગૌણ કરું છું તેનો આદર કરતો નથી પણ સ્વભાવનો આદર કરું છું—આને સાધકની મિશ્રદશા કહે છે.

કોઈ  વખતે જો રાગની મુખ્યતા થઈ જાય ને અખંડ સ્વભાવની મુખ્યતા ન રહે તો તે જીવને મિશ્રધર્મ રહેતો નથી ને મિથ્યાદષ્ટિ થઈ જાય છે. શરીરાદિની અવસ્થા તેના કારણે થાય છે. જે કાંઈ પણ નબળાઈથી પુણ્ય-પાપના પરિણામ થાય છે તેને ધર્મી મુખ્ય કરતા નથી, પણ સ્વભાવને મુખ્ય કરે છે. હું અખંડ ચૈતન્યસ્વભાવી છું—એવી પૂર્ણદશા પર્યાયમાં પ્રગટ થઈ નથી પણ ચેતનામાં અધૂરી દશા રહી છે, તેથી તેને મિશ્રભાવ કહે છે. અહીં કર્મની વાત નથી. આત્મા અને કર્મ સાથે છે—એમ મિશ્રની વાત નથી. કર્મ તો જડ છે, પર છે, તેની સાથે આત્માનું મિશ્રપણું ન હોઈ શકે. અંતરાત્મા બારમા ગુણસ્થાન સુધી હોય છે. સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી ત્યાંસુધી અખંડધારા અથવા પૂર્ણ આત્મા નથી. અજ્ઞાન એટલે ખોટું જ્ઞાન નહિ પણ અધૂરું જ્ઞાન સમજવું. બારમે ગુણસ્થાને જ્ઞાન અટકેલું છે તે કર્મચેતના છે. જ્ઞાનચેતના પૂર્ણ થઈ નથી તેથી ત્યાં મિશ્રધારા છે.

આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે, નિમિત્ત અને વિકારને ગૌણ કરી શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ કરી છતાં પર્યાયમાં દયા-દાનાદિના પરિણામ થયા વિના રહેતા નથી. રાગ ને અલ્પજ્ઞતા છે ત્યાંસુધી કાર્ય અધૂરું છે. અંતરમાં સ્થિરતા થઈને જ્ઞાન થયું તેટલી જ્ઞાનધારા છે. આત્મા અનંતાગુણના સામર્થ્યથી ભરેલો છે. એવી પ્રતીતિ થઈ તે મુક્તિનું કારણ છે, પણ જે રાગાદિ પરિણામ થાય છે તે મુક્તિનું કારણ નથી, જ્ઞાન જ્ઞાનમાં પૂર્ણપણે સ્થિર થયું નથી ને રાગાદિ મલિન પરિણામમાં રોકાયું છે ત્યાં મલિનતા બંધનું કારણ  છે. હું ચૈતન્યસ્વરૂપ છું—એવી પ્રતીતિ ને જ્ઞાન મુક્તિનું કારણ છે. તે ભવબાધા મટાડવાનું કારણ છે. ભવબાધા મટાડવાનું સામર્થ્ય આત્માની યથાર્થ પ્રતીતિમાં છે. આત્મા પરમાત્મા છે એવી પ્રતીતિનું થવું તે  મુક્તિનું કારણ છે. વચમાં જે દયા-દાનાદિની વૃત્તિઓ આવે તે મલિનભાવ છે. તેને ટાળવાનું સામર્થ્ય શ્રદ્ધામાં છે.

પોતે પરમાત્મા ન થાય ત્યાંસુધી અલ્પજ્ઞતા ને રાગ-દ્વેષ વર્તે છે, ત્યાં સુધી કર્મધારા છે. આત્માનું ભાન હોવા છતાં રાગાદિ પરિણામ ને અલ્પજ્ઞતા ટાળવાની તાકાત મિશ્રધારામાં નથી. ત્યાં કોઈ કર્મનું કારણ નથી. રાગદ્વેષ ને અલ્પજ્ઞતા કર્મધારા છે. ધર્મી જીવની ધર્મદશા શુદ્ધ ચિદાનંદની પ્રતીતિમાં વર્તે છે. પર્યાયમાં પૂર્ણ નિર્મળતા થઈ નથી. અનિર્મળતા વર્તે છે, તેને અંતરાત્મા હજી ટાળી શકતો નથી, પુરુષાર્થ નબળો છે. જો

તપ્ત　શાંત　નહિ　તૃષ્ણા　બધતી,
સ્વસ્થ　રહે　નિત　મનસા　સધતી. ૩૧

પુરુષાર્થ વધી જાય તો વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ્યા વિના રહે નહિ. સાધક જીવે પ્રતીતિ તો ઠીક કરી છે. મારી ચીજ ચૈતન્યજ્યોત છે, બીજી નથી.—આમ ધર્મીએ નક્કી કરેલ છે. અંદરમાં રાગાદિ પરિણામ થાય તે અપરાધ છે પણ ત્રિકાળી સ્વરૂપ નથી.

ધર્મી જીવે પ્રતીતિમાં સ્વરૂપ ઠીક કર્યું છે પણ હજી રાગ બાકી છે. પર્યાયમાં રાગ બાકી જ નથી અથવા અલ્પજ્ઞતા નથી જ એમ ખોટું જ્ઞાન કરે તો વ્યવહારનું ખોટું કર્યું કહેવાય. તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. રાગ અને અલ્પજ્ઞતા બાકી રહે છે તેને આદરણીય માને ને તેનાથી નિશ્ચય પ્રગટશે એમ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આત્માનું ભાન થયું તે નિશ્ચય છે ને જેટલો રાગ ને અલ્પજ્ઞતા વર્તે છે તેને જાણવું તે વ્યવહાર છે.

શ્રી સમયસાર ગાથા ૧૨ની ટીકામાં કહ્યું છે કે—એ નિશ્ચયને છોડશો તો તત્ત્વનો નાશ થઈ જશે ને જો વ્યવહારનું જ્ઞાન નહિ કરે એટલે કઈ ભૂમિકાએ કેટલો કેટલો રાગ વર્તે છે તેનું જ્ઞાન ન કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. જે અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતા માને ને રાગમાં વીતરાગતા માને તેણે વીર્યપણું છોડી દીધું છે. તેણે વ્યવહારને છોડ્યો છે. વ્યવહારનય છોડવો નહિ એનો અર્થ એમ નથી કે શરીરાદિ પર પદાર્થોની ક્રિયા ન છોડવી. પર પદાર્થની વાત જ નથી. આત્મા પરપદાર્થની ક્રિયા કરી શકતો નથી. તેમ જ છોડી શકતો નથી. સ્વરૂપમાં સંપૂર્ણ સ્થિર થયો નથી ત્યાં સુધી રાગ-દ્વેષાદિના પરિણામ ને અલ્પજ્ઞતા વર્તે છે. ચોથી, પાંચમી, છઠ્ઠી વગેરે ભૂમિકામાં જે જે રાગાદિ પરિણામ વર્તે છે. તેને જાણવા તે વ્યવહારનય છે, તેને યથાર્થ ન જાણે તો વ્યવહારને ઉડાડ્યો કહેવાય છે.

હું જ્ઞાયક છું—એવું જ્ઞાન કરીને સ્વરૂપમાં શ્રદ્ધા કરી પણ રાગ અનેક પ્રકારે થાય છે ને અનેક પ્રકારની જ્ઞાનની તારતમ્યતા થાય છે તેને જાણવું તે વ્યવહાર છે. પર્યાયમાં નબળાઈ છે—રાગ છે તેને જાણવું તે વ્યવહાર છે. તે વ્યવહાર છોડવો નહિ. છતાં વ્યવહાર આદરણીય નથી. અગિયારમી ગાથામાં અભૂતાર્થ કહ્યો હતો એટલે બારમી ગાથામાં ખુલાસો કર્યો કે વ્યવહાર અભૂતાર્થ કહ્યો પણ જાણવા જેવો છે ખરો. જાણવા જેવો નથી—એમ નથી. પર્યાયનું જ્ઞાન કરી, સ્વભાવમાં સંસાર નથી એવી દૃષ્ટિ કરી લીનતા કરવી તે ધર્મ છે. આમ નિર્ણય ઠીક કર્યો હોવા છતાં પર્યાયમાં અલ્પજ્ઞાન છે, અલ્પદર્શન છે, અલ્પચારિત્ર છે, અલ્પવીર્ય છે, અલ્પઆનંદ છે—એમ પર્યાયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તે વ્યવહાર છે. (ક્રમશઃ) ❋

જિમ જડ યંત્ર પુરુષસે ચલતા,
તિમ યહ દેહ જીવધૃત પલતા;



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન ચોથું) (શ્રાવણ વદ ૦)) શુક્રવાર)

ઈચ્છા એ જ રોગ છે. ઈચ્છા કોને થાય? કે જેને કાંઈ દુઃખ હોય તેને દુઃખથી છૂટવા માટે ઈચ્છા થાય, તેથી ઈચ્છા કરે તે દુઃખી છે. ઈચ્છા નામનો રોગ અનાદિકાળથી જીવને વળગ્યો છે. આત્માને પરવસ્તુની ઈચ્છા તે રોગ છે. જેમ કોઈને વાયનો રોગ હોય અને તે ઘણા કાળથી ખોટા ઉપાય કરી કરીને થાક્યો હોય તો તે ઉપાયને ખોટા જાણે ને સાચા ઉપાય કરે.

પ્રશ્ન :—અમારા ઉપાય તો સાચા છે. અમે ધન મેળવવાના ઉપાય કરીએ તો ધન મળે છે, તો પછી અમારા ઉપાય ખોટા કેમ?

ઉત્તર :—ઈચ્છાનું દુઃખ ટાળવા માટે એ ઉપાય તદ્દન ખોટા છે. ધન મળ્યું ત્યાં ફટ બીજી ઈચ્છા ઉભી જ છે. રૂપિયા હોય, મોટાઈ હોય, ને બાયડી-છોકરાં પણ હોય, છતાં મરણના ટાણાં આવે એટલે જીવવાની ઈચ્છાનું દુઃખ થાય. પણ આયુષ્ય પૂર્ણ થઈ ગયું ત્યાં ધન વગેરે કોઈ સાલ નાખી શકે તેમ નથી, અને પોતાની ઓળખાણ વગર મરીને કીડી, કાગડા વગેરેમાં જાય. આમાં ક્યો ઉપાય સાચો છે? પર વસ્તુની ઈચ્છા તે જ રોગ છે. પોતાના સુખ માટે પર વસ્તુની ઈચ્છા કરી એટલે પોતાને તો નમાલો—સુખ વગરનો માન્યો. આત્મામાં જ સુખ છે તેનું ભાન નથી, તેથી આત્મા સિવાય પર વસ્તુને ગ્રહવાના ભાવરૂપી ઈચ્છાનો રોગ અનાદિથી વળગ્યો છે. અનંત ઉપાય કર્યાં છતાં તે રોગ હજી મટ્યો નથી, અને ઈચ્છાનું દુઃખ તો થઈ જ રહ્યું છે; માટે તે ઉપાય જ ખોટા છે.

વાઈના રોગવાળાએ જાણવું જોઈએ કે પહેલાં કરેલા બધા ઉપાયો ખોટા છે, વાઈના રોગથી શરીર કંપે છે, અને તે વાઈના રોગના વૈદ્ય કોણ છે કે જે નાડ પારખું હોય. શીકલ જોઈને રોગનું સ્વરૂપ પારખી લે એવા વૈદ્ય કોણ છે તેનું જ્ઞાન હોવું જોઈએ. એક એવા વૈદ્ય હતા કે પાણીનું બેડું ભરીને જતી બાઈની શીકલ ઉપરથી પારખી લીધું કે આ બાઈને એવો રોગ છે કે હમણાં મરી જશે, ઘરે પહોંચવાની નથી, તેનું બેડું

અશુચિ દુખદ દુર્ગંધ કુરૂપી,
યામેં રાગ કહા દુખરૂપી. ૩૨

સામેથી લઈ લ્યો! એમ કહ્યું ને થોડી વાર થઈ ત્યાં તો બાઈ એકદમ પડી ગઈ અને મરણ પામી. એમ સ્વાશ્રિત સંપૂર્ણ જાણપણું હોય, રોગ શું , નિરોગ શું, ઔષધ શું અને પથ્ય શું એ બધું જાણતા હોય તે સાચા વૈદ્ય છે. અહીં દૃષ્ટાંતમાં પણ, દરદી આવે અને ચોપડીમાં રોગનું નામ જોવું પડે તેવા વૈદ્યને નથી લીધા, પણ સ્વાશ્રિત જાણકાર વૈદ્યને લીધા છે, તેમ જ દરદી પણ એવો લીધો છે કે જેને પોતાનો રોગ ભાસ્યો હોય, પોતે કરેલા ઉપાયો ખોટા લાગ્યા હોય, વૈદ્યની સાચી શ્રદ્ધા થઈ હોય અને રોગ ગયેલાની શીકલ જોઈને ઉત્સાહ ઉપજે કે અહા! આને રોગ ટળીને નિરોગતા થઈ છે, મારો રોગ પણ આ રીતે મટી જશે. સામા વૈદ્યને પણ પહેલાં મારી જેમ વાઈનો રોગ હતો તે મટાડીને પોતે વૈદ્ય થયા છે, એટલે તેમના કહેલા ઉપાયથી મારો રોગ જરૂર જશે એમ શ્રદ્ધા લાવી વૈદ્ય પાસે જાય; કેમકે વૈદ્ય વિના રોગનું દુઃખ જાય નહીં.


આત્મા તો અખંડ અકંપ સ્થિર સ્વરૂપ છે, તે અકંપ સ્વરૂપને ભૂલીને પરવસ્તુની ઈચ્છાનો કંપવા આવે છે તે વાઈનો રોગ આત્માને અનાદિથી છે. તે રોગને ટાળનાર વૈદ્ય એટલે કે સાચા ગુરુ કોણ છે? એ વૈદ્યને લક્ષણોથી બરાબર ઓળખવા જોઈએ; કેમકે અજાણ વૈદ્ય યમ બરાબર છે. માટે સાચા વૈદ્યનો (અહીં સદ્‌ગુરુ તે વૈદ્યને સ્થાને છે) જ્યાં સુધી સંબંધ ન મળે ત્યાં સુધી ઔષધી ન લેવી સારી છે, પણ ખોટા વૈદ્યની ઔષધી લેવાથી તો ઘણું દુઃખ થાય છે. સાચી દવા ન મળે તેથી કાંઈ ઝેર ન લેવાય તેમ સાચા ઉપાય ન મળે એટલે ખોટા ઉપાય ન કરાય. આ જીવને આકુળતા જેનું લક્ષણ છે એવો અજ્ઞાનજનિત ઈચ્છા નામનો રોગ અનાદિથી હંમેશા બની રહ્યો છે. કોઈ વેળા ઓછી આકુળતા થાય છે તો કોઈ વેળા વિશેષ આકુળતા થાય છે, પણ અજ્ઞાનજનિત ઈચ્છા નામનો રોગ તો કાયમ છે. તેમાં કોઈ ભવ્ય લાયક જીવ, કંઈક જ્ઞાનાવરણના ક્ષયોપશમથી અને પુરુષાર્થ કરવા તૈયાર થયો હોવાથી, આ પર વિષયના સેવનથી મને શાંતિ મળી નહીં, પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખનો અનુભવ થયો નહીં એમ જાણી પોતાના ઉપાયોને તે અસત્ય જાણે છે; અને સાચા ઉપાયનો નિશ્ચય કરી, મારો ઈચ્છા નામનો રોગ જે પ્રકારે મટે એ પ્રમાણે સત્યધર્મનું સાધન કરવું એમ નક્કી કરે છે. પરથી મને લાભ થાય એમ માનીને જે પર દ્રવ્યની ઈચ્છા કરે છે તેને અજ્ઞાનજનિત ઈચ્છારૂપી રોગ છે. તે ઈચ્છારૂપી રોગ મટાડવાનો ઉપાય તો સાચો ધર્મ છે. અને તે ઉપાય જેમને પહેલાં ઈચ્છારૂપી રોગ હતો અને પછી આત્માની ઓળખાણ કરીને તથા સત્યધર્મનું

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

યહ ભવિતવ્ય અટલ બલધારી,
હોય અશક્ત અહં મતિકારી;




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૧)

## આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન

## હે જીવ! તું મોક્ષમાર્ગમાં લાગ

હવે કહે છે કે આવો મોક્ષનો માર્ગ છે તે બે પ્રકારે વિચારવો—એક સત્યાર્થરૂપ એટલે ખરેખરો મોક્ષમાર્ગ છે, તે તો નિશ્ચયથી મોક્ષમાર્ગ છે; અને તેનું જે કારણ છે,–ખરૂં કારણ નહિ પણ ઉપચાર કારણ છે–તે વ્યવહાર છે. નિમિત્તકારણ કે જે ખરેખર મોક્ષમાર્ગ નથી છતાં ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે; તે સત્યાર્થ નથી પણ અસત્યાર્થ છે—અભૂતાર્થ છે. સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહેવો તે સત્યાર્થ છે, તે નિશ્ચય છે.

અહીં સત્યાર્થને જ નિશ્ચય કહ્યો તેના ઉપર જોર છે. નિશ્ચયને સત્યાર્થ કહ્યો એટલે વ્યવહાર તે અસત્યાર્થ છે–એમ પણ તેમાં આવી જ ગયું. નિર્વિકલ્પ શુદ્ધ આત્માના આશ્રયે જે રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિ થઈ તે મોક્ષમાર્ગ છે, તે સાચો મોક્ષમાર્ગ છે–એમ વિચારવું એટલે કે જ્ઞાન કરવું. અંશે શુદ્ધતા તે પૂર્ણ શુદ્ધતાનું કારણ છે; તેમાં તો કારણ અને કાર્યની એક જાત છે તેથી તે નિશ્ચયથી કારણ છે, પણ તેની સાથે જે અશુદ્ધતા છે (શુભરાગ) છે તે કાંઈ શુદ્ધતાનું સાચું કારણ નથી; પણ શુદ્ધતાની સાથે ભૂમિકા અનુસાર દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન કે પંચમહાવ્રત વગેરે સંબંધી વિકલ્પો હોય છે તેથી તેને પણ મોક્ષમાર્ગનું 'સહકારી' જાણીને (–એટલે કે તે પોતે મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેનાર છે–એમ સહકારી જાણીને) ઉપચારથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે, પણ તે કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ નથી; એટલે તેને વ્યવહાર કહ્યો, ગૌણ કહ્યો ને અસત્યાર્થ કહ્યો, તે અશુદ્ધ છે, પરાશ્રિત છે. અને શુદ્ધ આત્માના આશ્રયે રાગ વગરના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તે નિશ્ચય છે, મુખ્ય છે, સત્યાર્થ છે, શુદ્ધ છે અને સ્વાશ્રિત છે. આ રીતે, 'દુવિધ' માર્ગ કહ્યો તેમાં એક જ સત્યાર્થ છે–'जो सत्यारथरूप सो निश्चय' એક નિશ્ચય મોક્ષમાર્ગ તે જ

દો કારણ વિન કાર્ય ન રાચા,<br>
કેવલ યત્ન વિફલ મત રાચા. ૩૩

સાચો છે.—આ રીતે મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારે તો તે વિચાર સાચો છે. પણ વ્યવહારને જ ખરો મોક્ષમાર્ગ સમજીને તેમાં રોકાઈ જાય, ને નિશ્ચય મોક્ષમાર્ગને ઓળખે નહીં તો તેને મોક્ષમાર્ગનો વિચાર પણ સાચો નથી; તે તો બંધના માર્ગને જ મોક્ષમાર્ગ માનીને સેવી રહ્યો છે.

નિશ્ચય મોક્ષમાર્ગ તે એક જ સાચો મોક્ષમાર્ગ છે. નિશ્ચય એટલે એકલા શુદ્ધ આત્મામાં રુચિ–જ્ઞાન–એકાગ્રતા તે યથાર્થ વાસ્તવિક શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો સત્ય મોક્ષમાર્ગ છે, તે નિયમથી મોક્ષમાર્ગ છે, તેના સેવનથી મોક્ષ જરૂર થાય જ—એવો નિયમ છે. અને તેના કારણરૂપ (એટલે કે નિમિત્તકારણરૂપ) તે વ્યવહાર છે. આ બંને પ્રકારને બરાબર જાણવા જોઈએ. બંનેને 'જાણવા' જોઈએ, પણ બંનેને જાણીને આદરવાયોગ્ય તો એક નિશ્ચય–સત્યાર્થ માર્ગ જ છે,—એમ જાણે ત્યારે જ બંનેનું સાચું જ્ઞાન છે.

સ્વભાવના આશ્રયે શુદ્ધરત્નત્રયવડે મોક્ષને સાધનારા સાધકને તે–તે ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે, દેવ–ગુરુ–શાસ્ત્રની તથા નવતત્ત્વ વગેરેની ઓળખાણ કેવી હોય છે તે બરાબર ઓળખવું જોઈએ; તેમાં વિપરીત માનીને જે ગોટા વાળે તેણે સાચા મોક્ષમાર્ગને જાણ્યો નથી. પરથી વિભક્ત, અને સ્વભાવથી એકત્વ એવા શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલી જે રત્નત્રયરૂપ, નિર્મળપર્યાય તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેની સાથે જે વ્યવહાર રત્નત્રય છે તે પોતે ખરેખર માર્ગ નથી પણ નિમિત્ત તરીકે તેને મોક્ષમાર્ગનું નામ મળે છે, તે વ્યવહાર છે, તે અસત્યાર્થ છે—એમ જાણવું. તે વખતની શુદ્ધતાને મોક્ષમાર્ગ જાણવો તે અનુપચાર છે (સત્ય છે), અને તે વખતના શુભરાગને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચાર છે (અસત્ય છે). મોક્ષમાર્ગી જીવને ભૂમિકા પ્રમાણે બંને પ્રકાર હોય છે, તે બતાવવા 'દ્વિવિધ' કહેલ છે; તેમાં મોક્ષનું સાચું કારણ એક જ છે, બે નથી. સાધકને નિશ્ચય સમ્યક્ત્વ સાથેનો વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રની પૂજા વગેરેનો શુભ વિકલ્પ, તે બંધનું કારણ હોવા છતાં આરોપથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે; કેમકે મોક્ષમાર્ગના નિમિત્તનું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર કહ્યો.

વ્યવહાર તે કારણ,—પણ કોનું? કે નિશ્ચય મોક્ષમાર્ગનું; એટલે કે ત્યાં સાચો મોક્ષમાર્ગ વર્તે છે તેનું કારણ ઉપચારથી છે; પણ જ્યાં સાચો મોક્ષમાર્ગ છે જ નહીં ત્યાં તો કારણ કોને કહેવું? નિશ્ચયનું તો લક્ષ ન હોય ને એકલા વ્યવહારનું સેવન કરતાં કરતાં તેનાથી મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ બનતું નથી. માટે મોક્ષાર્થી જીવોએ સાચા

ડરત મૃત્યુસે તદપિ ટલત ના,
નિત હિત ચાહે તદપિ લભત ના;

મોક્ષમાર્ગને બરાબર ઓળખીને તેનો ઉદ્યમ કરવો જોઈએ.

આત્માનો પૂર્ણ આનંદ તે મોક્ષ; તેની પ્રાપ્તિનો ઉપાય તે મોક્ષમાર્ગ; મોક્ષનો માર્ગ, મોક્ષનો ઉપાય, મોક્ષનું કારણ, મોક્ષનો ઉદ્યમ, મોક્ષની ક્રિયા, કે મોક્ષની આરાધના તે બધું એક જ છે; તેમ જ ધર્મ છે. આત્માના શ્રદ્ધા–જ્ઞાન–લીનતારૂપ અંતર્મુખ શુદ્ધભાવ વડે તે સધાય છે. અને શુભભાવો તે તો બહિર્મુખ વૃત્તિઓ છે, તેના વડે મોક્ષ સધાતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગ સ્વાશ્રિત ભાવથી વીતરાગ પ્રગટે છે; અને તે નિશ્ચયસહિતના વ્યવહારને ઉપચારકારણ કહેવાય છે. નિશ્ચય તે મુખ્ય છે, તે સત્ય છે; વ્યવહાર તે આરોપ છે, ગૌણ છે. પરિણતિ અંતરમાં ઝૂકે ને જ્ઞાયકસ્વભાવમાં ઊતરીને લીન થાય તેમાં અતીન્દ્રિયસુખનું વેદન છે, તે સાચો–પરમાર્થ–નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને તે જ શુદ્ધમાર્ગ છે. આવા માર્ગને સેવીને તીર્થંકરાદિ મહાપુરુષો મોક્ષસુખને પામ્યા છે; અને મુમુક્ષુઓને પણ એ જ માર્ગ દેખાડ્યો છે.

મિથ્યાદષ્ટિને નિશ્ચય કે વ્યવહાર એક્કેય નય સાચો હોતો નથી, કેમકે નય તો સાચા જ્ઞાનનો પ્રકાર છે. શુદ્ધ આત્માના જ્ઞાન વગર પ્રમાણજ્ઞાન થાય નહીં એટલે ભાવશ્રુત થાય નહીં; ને ભાવશ્રુતપ્રમાણ વગર નિશ્ચય કે વ્યવહાર નય હોય નહીં. આત્માનો અનુભવ થતાં મતિ–શ્રુત બંને જ્ઞાન એક સાથે સમ્યક્ પરિણમે છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં અનંત પ્રકારના નયો પડે છે. નય તે સાચા શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. પણ જ્ઞાન જ જેનું ખોટું હોય તેને નય કેવા? એટલે મિથ્યાદષ્ટિ જેને વ્યવહાર તરીકે સેવે છે તે તો ખરેખર મોક્ષમાર્ગનો વ્યવહાર પણ નથી. નિશ્ચય વગરનો વ્યવહાર તો મિથ્યા છે. શુદ્ધ આત્મા જેવો છે તેવો જાણીને પ્રતીતમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું, ચારિત્રનો અંશ પણ તેની સાથે ખુલ્યો, એટલે મોક્ષમાર્ગ શરૂ થયો. તે જીવને સાચા નિશ્ચય–વ્યવહાર હોય છે. પહેલાં એકલો વ્યવહાર હોય ને તે કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એમ નથી. ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માના અવલંબને જે શુદ્ધ દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ્યા તે શુદ્ધ મોક્ષમાર્ગ છે, અને તેની સાથે જે રાગાદિ છે તે અશુદ્ધ છે, તેને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે ઉપચાર છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ, તેણે અનંત આનંદને પોતામાં ધારણ કર્યો છે, તે ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં મોક્ષના આનંદનો અનુભવ થાય છે. આવા આનંદનો અનુભવ થાય ત્યારે જ મોક્ષમાર્ગ પ્રગટ્યો કહેવાય. આત્મા તો રત્નોનો મોટો પહાડ છે;

તદપિ મૂઢ ભયવશ હો કામી,
વૃથા જલત હિય હો ન અકામી. ૩૪

એને ખોદતાં (એટલે કે અનુભવમાં લેતાં) તેમાંથી મહાન રત્નો જ નીકળે છે. અનંતા આનંદમય રત્નો તેમાં ભર્યાં છે.

● જગતનાં જડ રત્નોની તો ધર્મમાં કાંઈ કિંમત નથી.

● હવે આત્મામાં મોક્ષનાં કારણરૂપ ત્રણ રત્નો—સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર.

● તેનું ફળ કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય–તે મહારત્ન.

● અનંતી કેવળજ્ઞાનપર્યાયરૂપે પરિણમવાની જેની તાકાત–એવો જ્ઞાનગુણ તે મહા–મહારત્ન.

● અને અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યસમુદ્ર તે તો મહા–મહા–મહારત્ન.

ભાઈ, આવા રત્નોનો જ આખો પહાડ તું છો....તારા મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને આ ચૈતન્યરત્નના પહાડને તું દેખ. પોતે આનંદનો મોટો ડુંગર, પણ દૃષ્ટિના દોષને લીધે જીવ તેને દેખતો નથી. જેમ સામે જ મોટો રત્નનો પહાડ હોય પણ જેની આંખ આડે તરણું છે તે માણસ પહાડને દેખતો નથી, તેમ જીવ પોતે અનંતા ગુણ–રત્નોનો મોટો પહાડ છે, પણ રાગમાં એકત્વભાવનારૂપ જે તરણું એટલે કે મિથ્યાત્વનો તુચ્છભાવ, તેની આડશને લીધે અજ્ઞાની જીવ પોતાના ચૈતન્યસ્વભાવરૂપ મોટા પહાડને દેખી શકતો નથી. સંતો વીતરાગ વિજ્ઞાનના ઉપદેશવડે તેનો ભ્રમ છોડાવી તેનું સાચું સ્વરૂપ દેખાડે છે કે જેનો મહિમા મેરુપર્વતથી પણ મોટો છે. અરિહંતોએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું તે ક્યાંથી આવ્યું?–શું બહારથી આવ્યું? ના; અંદર આત્મામાં હતું તે જ પ્રગટ્યું છે. તેમ દરેક આત્મા અરિહંત ભગવાન જેવો જ સામર્થ્યવાળો છે.—આચાર્યદેવ કહે છે કે આવા તારા આત્માને તું ઓળખ. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ) (મુક્તિનો માર્ગ)

સાધન કરીને એ ઈચ્છારોગનો સર્વથા નાશ કર્યો હોય તેમના દ્વારા જાણી શકાય છે. જેટલા સિદ્ધો, કેવળી-અરિહંતો થયા તે બધાને પણ પહેલાં તો આ રોગ હતો, અજ્ઞાનદશામાં તેઓ પણ નિગોદમાં રખડતાં હતાં; પણ પછી સાચા સ્વરૂપનું ભાન કરી, સદ્ધર્મનું સાધન કરી વીતરાગ થઈ ગયા, ઈચ્છા રહિત થઈ ગયા; એ સર્વજ્ઞ ભગવાન જ સાચા વૈદ્ય છે. રાગ, ધર્મ, સાચી પ્રવૃત્તિ, સમ્યગ્જ્ઞાન અને વીતરાગદશારૂપ નિરોગતા એ બધાનું શરૂઆતથી અંત સુધીનું જ્ઞાન સર્વજ્ઞને જ હોય છે, અને તેઓ જ અન્યને દર્શાવવાવાળા છે; તેથી સર્વજ્ઞ ભગવાન પરમ વૈદ્ય છે.

## જીવની ધારણા અનુસાર જ બધું ક્યારે થાય?
## અને તેનું દુઃખ ક્યારે ટળે?

સંસારી જીવ પોતાના ધાર્યા મુજબ પર વસ્તુનાં કામ થાય એમ ચાહે છે, પણ તેની ઈચ્છાનુસાર પરવસ્તુના કામ થતા નથી. તેથી તે આકુળ-વ્યાકુળ થઈ દુઃખી થાય છે. હવે જો આકુળ-વ્યાકુળપણું ટળે તો દુઃખ ટળે. પણ એ ક્યારે ટળે? જ્યાં સુધી પરવસ્તુને ફેરવવાની ઈચ્છા છે ત્યાં સુધી તો આકુળ-વ્યાકુળતા ટળે જ નહિ. પણ પરવસ્તુથી હું જુદો છું, પરનાં કામ મારે આધીન નથી, પણ હું તો સહજ જ્ઞાનરૂપી સામ્રાજ્યવડે બધાને જાણનાર છું-એમ ભાન કરીને અને ઈચ્છાને તોડીને જો જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય તો તે જીવની ધારણાનુસાર (-જ્ઞાન અનુસાર) જ બધું થાય...અર્થાત્ જ્યાં સુધી જીવને પરમાં કાંઈ કરવાની ઈચ્છા છે ત્યાં સુધી, તેનું જ્ઞાન અપૂર્ણ છે. પણ જ્યારે જીવ ઈચ્છા તોડીને કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે, જેવું તેના જ્ઞાનમાં જણાય તેવું જ પદાર્થોનું પરિણમન થાય છે. આથી કહ્યું કે–જ્યાં સુધી ઈચ્છા છે ત્યાંસુધી ધાર્યા પ્રમાણે (જ્ઞાન અનુસાર) કાર્ય થતાં જ નથી અને જ્યાં ઈચ્છા નથી ત્યાં ધાર્યા પ્રમાણે જ (જ્ઞાન પ્રમાણે જ) કાર્ય પદાર્થોની સ્વતંત્રતાથી સ્વયમેવ થાય છે. ઈચ્છાવાળા જીવને ધાર્યા પ્રમાણે કાર્ય થતું નથી તેથી ઈચ્છાવાળો જીવ આકુળ-વ્યાકુળ જ રહે છે, માટે ઈચ્છા તે જ દુઃખ છે. જ્યાં ઈચ્છા નથી ત્યાં જ્ઞાનમાં જાણ્યા પ્રમાણે જ પદાર્થો પરિણમે છે, ત્યાં આકુળતા રહેતી નથી, નિરાકુળ જ્ઞાતાપણું છે, આવું નિરાકુળતાપણું તે સુખ છે એટલે કે જ્ઞાન તે જ સુખ છે. જેટલે જેટલે અંશે સમ્યગ્જ્ઞાન આત્મામાં એકાગ્ર થાય છે તેટલે તેટલે અંશે નિરાકુળતા વધતી જાય છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—રાગ તે પુદ્ગલ પરિણામ....પુદ્ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તર :—એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્ગલના પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે.

પ્રશ્ન :—રાગ આત્માનો નથી તો શું રાગ જડમાં થાય છે?

ઉત્તર :—રાગ તે જીવનું સ્વાભાવિક પરિણામ ન હોવાથી શુભાશુભ રાગને જડ અને અચેતન કહ્યો છે. રાગ તે આત્માનુ સ્વરૂપ જ નથી. ચૈતન્યપુંજ રાગરૂપે થયો જ નથી. આત્માના ભાન વિના અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો પણ સમ્યગ્દર્શન વિના લેશ પણ સુખ પામ્યો નથી. અલિંગગ્રહણના બોલમાં પણ યતિની ક્રિયા–પંચ મહાવ્રત આદિનો આત્મામાં અભાવ કહ્યો છે. સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩માં પણ કહ્યું કે જાણનક્રિયારૂપ આત્મા અને ક્રોધાદિ ક્રિયારૂપ આસ્રવો અત્યંત ભિન્ન છે, તેના પ્રદેશો ભિન્ન હોવાથી બે વસ્તુની સત્તા જ જુદી છે તેમ કહ્યું છે. વાત એ છે કે આસ્રવ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. જ્યાં તારી વસ્તુ નથી, ત્યાંથી દૃષ્ટિને ઉઠાવી લે ને તારી વસ્તુ ઉપર દૃષ્ટિ મૂક તો તને સુખ અને શાંતિ થશે.

પ્રશ્ન :—શું રાગ આત્માથી જુદો છે અને શું તે નિષેધ કરવા યોગ્ય છે?

ઉત્તર :—હા, રાગ આત્માથી જુદો છે. રાગમાં જ્ઞાનગુણ નથી; જેમાં જ્ઞાનગુણ ન હોય તેને આત્મા કેમ કહેવાય? માટે રાગ તે આત્મા નથી. આત્માની શક્તિના નિર્મળ પરિણામથી રાગના પરિણામ જુદા છે. આત્માથી જુદા કહો કે નિષેધવાયોગ્ય કહો; મોક્ષાર્થીને જેમ પરાશ્રિત રાગનો નિષેધ છે તેમ પરાશ્રિત એવા સઘળાય વ્યવહારનો પણ નિષેધ જ છે. રાગ અને વ્યવહાર બંને એક જ કક્ષામાં છે, બંને પરાશ્રિત હોવાથી નિષેધયોગ્ય છે; ને તેનાથી વિભક્ત ચૈતન્યનો એકત્વસ્વભાવ તે જ પરમ આદરણીય છે.

પ્રશ્ન :—'જ્ઞાનમાં રાગ નથી' એમ કહ્યું, તો જીવને જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી તે જ્ઞાની નથી—એમ થયું?

સર્વ તત્ત્વકે આપ હિ જ્ઞાતા,
માત બાલવત્ શિક્ષા દાતા;

ઉત્તર :—ભાઈ, જે રાગ છે તે જ્ઞાનીને પોતાના જ્ઞાનભાવથી એકમેક નથી ભાસતો પણ જુદો જ ભાસે છે, એટલે 'જ્ઞાની' ખરેખર રાગમાં નથી પણ જ્ઞાનભાવમાં જ છે.—આ વાત બરાબર સમજાય તો તને ખબર પડે કે જ્ઞાની શું કરે છે? રાગ વખતે જ્ઞાની રાગ કરે છે કે જ્ઞાન કરે છે તેની ખબર અજ્ઞાનીને નહિ પડે, કેમકે તેને પોતાને રાગ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન નથી. સમકિતીને રાગ થતો હોવા છતાં તે જ વખતે જ્ઞાનમાં એકતારૂપે પરિણમન હોવાથી, ને રાગમાં એકતારૂપે નહિ પરિણમતા હોવાથી, તે જ્ઞાની જ છે.

(ક્રમશઃ) ❋

## બાળકો માટેના પ્રશ્નના ઉત્તર

(૧) દેવ
(૨) સોનગઢ
(૩) હનુમાન
(૪) સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર
(૫) જેઠાલાલભાઈ
(૬) પાંચ
(૭) મહાવીર
(૮) અતિવીર, વર્ધમાન
(૯) વાંકાનેર
(૧૦) ગુણાવા
(૧૧) સુવર્ણપુરી
(૧૨) સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ
(૧૩) ફતેહમંદકુમાર
(૧૪) સમયસાર
(૧૫) ૐ સહજ ચિદાનંદ
(૧૬) શ્રીપૃથ્વીષેણા, શ્રીસુપ્રતિષ્ઠિ
(૧૭) શાંતિનાથ
(૧૮) શ્રેયાંસનાથ
(૧૯) નિલાંજના
(૨૦) ગિરનાર

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

(૧) આવશ્યક
(૨) અરિહંત
(૩) નાસ્તિ
(૪) શુક્લ
(૫) મિથ્યાત્વ
(૬) બડવાની
(૭) સુદર્શન
(૮) પાંચ
(૯) ત્રણ
(૧૦) સમજણ
(૧૧) અન્યોન્ય
(૧૨) માયા
(૧૩) કાયક્લેશ
(૧૪) ૪૪
(૧૫) ધ્રૌવ્ય
(૧૬) ક્ષાયિક
(૧૭) ૧૦૧
(૧૮) જ્યોતિષી
(૧૯) અમૃતચંદ્ર
(૨૦) ૧૬૦



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—***થવાનું હોય તેમ ક્રમસર થાય છે તેથી નવો પુરુષાર્થ કરવાની શી જરૂર છે?*

**સમાધાન :—**જે થવાનું હોય તેમ થાય એમ એકાંત નથી, તેમાં સ્વભાવ-કાળ- પુરુષાર્થ બધું સાથે હોય છે. તેમાં પુરુષાર્થનું કારણ મુખ્ય છે. જે પર્યાય પ્રગટવાની હોય તે પ્રગટે, પણ તેમાં પુરુષાર્થ સાથે હોય છે. પુરુષાર્થ વગર કોઈ પર્યાય પ્રગટ થાય તેમ નથી હોતું. સ્વભાવ-કાળ-પુરુષાર્થ-દેશનાલબ્ધિ બધું સાથે હોય છે.

**પ્રશ્ન :—***ભાવના અને ધારણામાં શું ફેર?*

**સમાધાન :—**ધારણામાં તો ગોખી રાખ્યું છે અને ભાવના તો અંતરમાં પોતે ભાવપૂર્વક કરે છે. ભાવના ભાવનામાં પણ ફેર હોય છે. ભાવના કર્યા કરે કે હું ત્રિકાળી શુદ્ધ છું, પણ પોતાના અંતરમાંથી આવેલી ભાવના હોય તે જુદી હોય છે. હું ત્રિકાળ શુદ્ધ છું— શુદ્ધ છું તેમ (ઉપલક) ભાવના અને ઊંડી જે અંતર્ગત ભાવના તે જુદી હોય છે. ધારણામાં તો ગોખ્યા કરે છે.

**પ્રશ્ન :—***વારંવાર એ જ જાતના વિચાર ચાલે તે ભાવના કહેવાય?*

**સમાધાન :—**વિચારો ચાલે તે નહિ, પણ અંતરમાંથી—ઊંડાણમાંથી એમ થવું જોઈએ તે ભાવના છે. માત્ર ગોખ્યા કરે ને એકલા વિકલ્પ કર્યા કરે કે હું ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ તેમ નહિ. ભાવનામાં વિચાર તો આવે, છતાં પણ અંદરમાં પોતાને હૃદય ભેદીને કાંઈક આવવું જોઈએ. ભાવના એટલે ઊંડાણમાંથી આવવું જોઈએ કે આ વિભાવ મારે કાંઈ જોઈતો નથી. હું ત્રિકાળ શુદ્ધ આત્મા છું, સ્વયંસિદ્ધ જ્ઞાયક છું. એમ અંતરથી, ઊંડાણમાં હૃદય ભેદીને આવવું જોઈએ.

**પ્રશ્ન :—***જ્ઞાનમાં સમજાય છે પણ વિશ્વાસ આવતો નથી?*

**સમાધાન :—**જ્ઞાનમાં સમજાય, પણ પ્રતીતિ એવી યથાર્થ થવી જોઈએ કે આ

> ભવ્ય સાધુજનકે હો નેતા,
> મૈં ભી ભક્તિ સહિત થુતિ દેતા. ૩૫

જ્ઞાયક તે જ હું છું, બીજો હું નથી. એવી દઢ શ્રદ્ધા–દૃષ્ટિ પોતા ઉપર સ્થપાવી જોઈએ. પછી ગમે તે ભાવો આવે તો પણ હું ચૈતન્ય જ છું એવું અંતરમાંથી થાય. ગોખવારૂપ થાય છે તે જુદી વાત છે, અંતરમાંથી દઢ વિશ્વાસ આવવો જોઈએ. યથાર્થ પ્રતીતિ થાય તેને યથાર્થ પુરુષાર્થ થયા વગર રહેતો નથી.

**પ્રશ્ન** :—*કાલે વાત થઈ હતી કે ભાવના–ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે?*

**સમાધાન** :—ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ–મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ–મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ. આ તો અંતરને ભેદી નાખે–અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે.

**પ્રશ્ન** :—*આ ભાવના મંદ છે કે તીવ્ર છે એ કેવી રીતે ઓળખી શકાય?*

**સમાધાન** :—પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે અને ઉગ્રતા થતી નથી એટલે હજી ઉગ્રતાની ખામી છે. મંદ-મંદ ચાલે, ધીમી ગતિએ ચાલે તેને વાર લાગે છે, જેને ઉગ્રતા થાય તે ત્વરાથી પહોંચી જાય છે. ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય? તેને ખ્યાલ આવે કે હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે. હું જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. આગળ જતો નથી.

ભાવનગર જવું હોય ને ધીમી ગતિએ ચાલે, તો પહોંચતાં વાર લાગે. ઉતાવળી ગતિએ ચાલનાર એકદમ પહોંચી જાય છે. નથી પહોંચાતું તે બતાવે છે કે ધીમી ગતિ છે, ઉપર-ઉપરથી થાય છે, અંદરથી પ્રગટ થાય તો પહોંચી જાય છે.

**પ્રશ્ન** :—*જોર તો પોતાને દેવાનું છે ને?*

**સમાધાન** :—પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે, કોઈ કરાવી દેતું નથી. રખડનારો પોતે અને મોક્ષ કરનારો પણ પોતે—સ્વતંત્ર છે.

**શ્રી ચન્દ્રપ્રભ સ્તુતિ**

**પ્રભૂ ચન્દ્રસમ શુક્લ વર વર્ણધારી,**
**જગત નિત પ્રકાશિત પરમ જ્ઞાનચારી;**

## બાળ વિભાગ

# શીલવતી નીલી સુંદરી

લાટદેશમાં જિનદત્ત શેઠની પુત્રીનું નામ નીલી હતું, તે શેઠ જિનધર્મી હતો અને જિનધર્મી સિવાય વિધર્મી સાથે પોતાની પુત્રીના લગ્ન કરવા માગતો નહોતો.

આજ દેશમાં સમુદ્રદત્ત શેઠના પુત્ર સાગરદત્ત એકવાર નીલીનું રૂપ જોઈને મોહિત થઈ ગયો અને તેની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ તે જિનધર્મનો દ્વેષી, વિધર્મી હોવાને કારણે જિનદત્ત શેઠ તેની સાથે નીલીના લગ્ન કરવા તૈયાર થયા નહીં.

ત્યારે સાગરદત્તે કપટપૂર્વક જિનધર્મ અંગીકાર કરવાનું નાટક કર્યું અને શ્રાવક જેવું આચરણ કરવા લાગ્યો. તેથી ''સાગરદત્તે મિથ્યામાર્ગ છોડી દીધો છે અને જિનધર્મને અંગીકાર કર્યો છે''—આમ સમજીને જિનદત્ત શેઠે નીલીના લગ્ન તેની સાથે કરી દીધા.

લગ્નનું પ્રયોજન સિદ્ધ થઈ જવાથી સાગરદત્ત ફરી કુમાર્ગગામી બની ગયો, તેણે નીલીને પણ તેના પિતા પાસે જવા ન દીધી આ કારણે જિનદત્ત શેઠને ઘણો જ પશ્ચાતાપ થયો અને પોતાને હાથે જ પુત્રીને કુવામાં ધકેલી દીધી હોય તેવું દુઃખ થયું.

સત્ય છે, પુત્રીને વિધર્મી સાથે લગ્ન કરવા કરતાં તેને કુવામાં ફેંકી દેવી સારી કારણ કે તે તો તેનાથી પણ ખરાબ છે કેમકે મિથ્યાત્વથી તો અનંતભવો ખરાબ થાય છે. જે પોતાની પુત્રીને વિધર્મીઓને આપે છે, તે તેનું ઘણું અહિત કરે છે, તેમને જૈનધર્મની શ્રદ્ધા થતી નથી. નીલીને પણ આ વાતનું ઘણું જ દુઃખ થયું, પણ તે દૃઢતાપૂર્વક જિનધર્મનું પાલન કરતી રહી. સત્ય છે કે જેને જિનધર્મનો સાચો રંગ લાગ્યો છે, તેને કોઈપણ પ્રસંગમાં તેના ઉત્તમ સંસ્કાર છૂટતા નથી. ભલે પ્રાણોનો ત્યાગ કરે પણ જિનધર્મને છોડતા નથી.

નીલીના સસરા સમુદ્રદત્તે વિચાર કર્યો—''આપણા ગુરુના સંસર્ગથી નીલી જૈનધર્મ છોડી દેશે અને આપણો ધર્મ અંગીકાર કરી લેશે.'' આમ વિચારીને તેમણે પોતાના મતના ભિક્ષુઓને આમંત્રિત કર્યા, પરંતુ નીલીએ યુક્તિથી તેની પરીક્ષા કરીને તેમને જૂઠા ઠરાવી દીધા અને પોતાના જિનધર્મમાં દૃઢ રહી. પોતાના ગુરુઓનું અપમાન

જિનં જિતકષાયં મહત્ પૂજ્ય મુનિપતિ,
નમૂં ચંદ્રપ્રભ તૂ દ્વિતિય ચંદ્ર જિનપતિ. ૩૬

થવાથી સમુદ્રદત્તના કુટુંબીજનો નીલી પ્રત્યે દ્વેષ કરવા લાગ્યા, તેને અનેક પ્રકારે હેરાન કરવા લાગ્યા અને તેની નણંદોએ તો તેના ઉપર પરપુરુષની સાથે વ્યભિચારનો આરોપ પણ લગાવી દીધો અને આ વાતને સર્વત્ર પ્રસિદ્ધ કરવા લાગી. અરેરે, નિર્દોષ શીલવતી નીલીના ઉપર પાપકર્મના ઉદયથી મિથ્યા કલંક લાગ્યું. નીલી ધૈર્યપૂર્વક જિનમંદિરમાં ભગવાન પાસે પહોંચી ગઈ અને જ્યાં સુધી આ કલંક દૂર નહીં થાય ત્યાં સુધી અન્ન-જળ ગ્રહણ નહીં કરું અને ઉપવાસ કરીશ–એવી પ્રતિજ્ઞા કરીને જિનેન્દ્રદેવની સામે બેસી ગઈ અને અંતરંગમાં જિનેન્દ્રદેવના ગુણોનું સ્મરણ કરીને તેનું ચિંતવન કરવા લાગી.

શીલવતી નારી ઉપર કલંક કુદરત કેમ જોઈ શકે? તેના શીલના (પુણ્યના) પ્રભાવે તે નગરના રક્ષકદેવતા તેની પાસે આવ્યા અને તેમણે નીલીને કહ્યું—“હે મહાસતી! તૂ પ્રાણત્યાગ ન કર, તારું કલંક સવારે જ દૂર થઈ જશે.. માટે તું ચિંતા છોડી દે.” તે દેવતાઓએ રાજાને સ્વપ્નમાં એક વાત કહી. બસ રાત્રિ થઈ.... નગરના દરવાજા બંધ થઈ ગયા. સવાર પડી... પણ નગરના દરવાજા એવા બંધ થયા કે કોઈપણ પ્રકારે ખુલ્યા નહીં. નગરના રક્ષક સિપાઈ ઘબરાઈને રાજા પાસે પહોંચ્યા અને રાજાને વાત જણાવી તથા તેને ખોલવાનો ઉપાય પૂછ્યો. રાજાને રાત્રે જ સ્વપ્ન આવ્યું હતું કે નગરના દરવાજા બંધ થઈ જશે અને શીલવતી નીલીના પગ લાગતા જ દ્વાર ઉઘડશે.



ઘણા પ્રયત્નો કરવા છતાં દરવાજા ખુલ્યા નહીં, છેવટે રાજાની આજ્ઞાથી મંદિરમાંથી નીલીને બોલાવવામાં આવી. ણમોકાર મંત્રના જાપ કરતી નીલી ત્યાં આવી અને તેના પગ અડતાં જ દરવાજો ખુલી ગયો. તેના શીલનો પ્રભાવ જોઈને બધે તેની જય-જયકાર થવા લાગી અને તેના પર લાગેલું કલંક દૂર થયું.

સાગરદત્તે પણ તેનાથી પ્રભાવિત થઈ તેની ક્ષમા માંગી અને જિનધર્મ અંગીકાર કરીને પોતાનું હિત કર્યું ત્યારબાદ તે શીલવતી નીલી સંસારથી વિરક્ત થઈ આર્યિકા બની...રાજગૃહીમાં સમાધિ-મરણ કર્યું. આજે પણ એક સ્થાન ‘નીલીબાઈની ગુફા’ના નામથી પ્રસિદ્ધ છે અને જગતને શીલનો મહિમા બતાવી રહી છે.

આ પ્રમાણે મહાસતી સીતાજીના શીલરત્નના પ્રભાવથી અગ્નિકુંડ કમળ સરોવર થઈ ગયું હતું અને શેઠ સુદર્શનની શીલવ્રતમાં દૃઢતાની કથા જગપ્રસિદ્ધ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

**શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન પ્રથમ વાર્ષિક દિન તથા બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેક**

શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન પ્રથમ વાર્ષિક દિન પોષ સુદ-૧૩, તા. ૧૧-૧-૨૦૨૫, શનિવારથી પોષ સુદ ૧૫ તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર ત્રિદિવસીય મહોત્સવરૂપે ઉજવવામાં આવશે અને તા. ૧૩-૧-૨૦૨૫ના રોજ શ્રી બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેક કરવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

* મથુરા નિવાસી (હાલ સોનગઢ) રાજકુમાર જૈનનું તા. ૨૪-૧૧-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ગઢડા નિવાસી (હાલ બોરીવલી) ચંદનબેન મેઘાણી (ઉ.વ. ૮૦) તા. ૨૮-૧૧-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* જોરાવરનગરનિવાસી સ્વ. શેઠ અમુલખ લાલચંદના પુત્રવધૂ અલ્કાબેન લલિતભાઈ શેઠ (ઉ.વ. ૭૧)નું તા. ૧-૧૨-૨૦૨૪ના રોજ દેવ-ગુરુ-શાસ્ત્રના સ્મરણપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, રાજનગર (કુકમા-ભુજ)ના અધિષ્ઠાતા સાહેબ શ્રી ગાંગજીભાઈ મોતા (ઉ.વ. ૮૪) તા. ૧૦-૧૨-૨૦૨૪ ના રોજ આપણી વચ્ચેથી વિદાય લઈ જ્ઞાન-આનંદ પ્રતિ પ્રયાણ કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાન પ્રતિ શ્રદ્ધા-આદરવંત હતા.
* અમદાવાદ (વસ્ત્રાપુર) નિવાસી જયાબેન સુખલાલ મોરબીયાનું તા. ૧૮-૧૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી શ્રી રમાબેન ચંદ્રકાંત દોશી (-તેઓ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીની સુપુત્રી)નું તા. ૧૮-૧૨-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* પાર્લા નિવાસી (હાલ દેવલાલી) શ્રી રમણીકભાઈ સાવલાનું તા. ૨૦-૧૨-૨૦૨૪ના રોજ શાંત પરિણામ સાથે દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત હતા તેમજ ઘણા કચ્છીભાઈઓને સતમાર્ગમાં જોડાવા તેમનું મહત્વનું યોગદાન હતું.

  સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# (૧૩૬) બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી અત્યારે................. ગતિમાં છે.

(૨) પરમપૂજ્ય કાનજીસ્વામી છેલ્લા ૪૫ વર્ષ...................... માં રહ્યાં હતાં.

(૩) સતી અંજનાના પુત્રનું નામ .................. હતું.

(૪) મોક્ષમાર્ગમાં (૧)......... (૨) .............. (૩) ........... રત્ન છે.

(૫) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પિતાનું નામ .................... હતું.

(૬) ભરતક્ષેત્રમાં ભગવાનના ............... કલ્યાણક હોય છે.

(૭) પાવાપુરીથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૮) વીર, ................., સન્મતિ, .................. અને મહાવીર આ એક જ ભગવાનના નામ છે.

(૯) પૂજ્ય સદ્ગુરુદેવે પહેલો ૐકાર ધ્વનિ ................ ગામે સાંભળ્યો હતો.

(૧૦) ગૌતમસ્વામી .................થી મોક્ષ ગયા છે.

(૧૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની તપોભૂમિને ...................... કહેવાય છે.

(૧૨) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો છેલ્લો મંત્ર ........................ હતો.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રી વિદેહક્ષેત્રમાં ......................... નામના રાજપુત્ર હતા.

(૧૪) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ .................... શાસ્ત્ર ઉપર ૧૯વાર પ્રવચન કર્યા હતા.

(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તોને શાસ્ત્રમાં લાલ અક્ષરથી.......................... લખી આપતા હતાં.

(૧૬) સુપાર્શ્વનાથ ભગવાનના માતાનું નામ................. પિતાનું નામ............... હતું.

(૧૭) હરણ .................... ભગવાનનું ચિહ્ન છે.

(૧૮) આદિનાથ ભગવાનને વરસીતપનું પારણું..................... રાજાએ કરાવ્યું હતું.

(૧૯) ................ દેવીના મૃત્યુથી ઋષભદેવ ભગવાનને વૈરાગ્ય થયો.

(૨૦) નેમિનાથ ભગવાન ................... પર્વતથી મોક્ષ ગયા છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) જે શ્રાવક–મુનિ ધાર્મિક ક્રિયાઓ તથા નિયમોનું પ્રતિદિવસ પાલન કરે છે તેને ................ કહે છે. (આવશ્યક, પ્રતિમા, ગુણવ્રત)

(૨) જેને પુણ્યનો ઉત્કૃષ્ટ ઉદય છે છતાં જરાપણ મોહ નથી તે .............. પરમેષ્ઠિ છે. (સિદ્ધ, સાધુ, અરિહંત)

(૩) જીવ અરૂપી છે તે .............. થી કથન છે (અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ)

(૪) દશમા ગુણસ્થાનમાં ............ ધ્યાન હોય છે. (પિત, પદ્મ, શુક્લ)

(૫) અતત્ત્વ શ્રદ્ધાન એ ........... છે. (મોહ, મિથ્યાત્વ, કષાય)

(૬) રાવણના નાનાભાઈ કુંભકર્ણ ............. થી મોક્ષ ગયા છે. (ગજપંથા, શેત્રુંજય, બડવાની)

(૭) પાંચ મેરુ પર્વત પૈકી .......... મેરુ પર્વત જમ્બૂદ્વીપમાં છે. (અચલ, સુદર્શન, વિજય)

(૮) દર્શનાચાર, જ્ઞાનાચાર આદિ કુલ ......... આચાર છે. (છ, આઠ, પાંચ)

(૯) ચાર સંજ્ઞા પૈકી સાતમા ગુણસ્થાને ............. સંજ્ઞા હોય છે. (એક, ત્રણ, બે)

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રી ઉપદેશમાં મુખ્યપણે ........... ઉપર ભાર મૂકતા હતા. (ક્રિયા, દેવદર્શન, સમજણ)

(૧૧) વેલણથી રોટલી વણાય એમ માનનાર .......... અભાવને ભૂલે છે. (અન્યોન્ય, પ્રાગ, અત્યંત)

(૧૨) સ્વરૂપની અરુચિ એ અનંતાનુબંધી .......... છે. (માયા, માન, ક્રોધ)

(૧૩) રસ પરિષહોને શાંતભાવથી સહન કરવા એ ............ તપ છે. (કાયક્લેશ, વિનય, વૃત્તિ પરિસંખ્યાન)

(૧૪) "રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ" આ વાત પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ નંબર .............માં કરી છે. (૪૦, ૪૪, ૬૮)

(૧૫) લીલી કેરીમાંથી પીળી થઈ તેમાં વર્ણગુણ કાયમ ટકી રહ્યો માટે તે ........... છે. (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય)

(૧૬) દર્શનમોહની સાત પ્રકૃતિનો પૂર્ણપણે ક્ષય થઈ જે સમ્યક્ત્વ થાય તેને ............. સમ્યક્ત્વ કહે છે. (ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક)

(૧૭) અઘાતિ કર્મોની ઉત્તર પ્રકૃતિ ............ છે. (૪૭, ૧૦૮, ૧૦૧)

(૧૮) સમવસરણના નવમાં કોઠામાં ........ દેવ હોય છે.(જ્યોતિષી, ભવનવાસી, વ્યંતર)

(૧૯) તત્ત્વાર્થસાર શાસ્ત્રની રચના ................ આચાર્યદેવે કરી છે. (કુંદકુંદ, અમૃતચંદ્ર, શિવકોટિ)

(૨૦) વિદેહક્ષેત્રની ............ કર્મભૂમિ છે. (૧૭૦, ૯૦, ૧૬૦)

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

તે રાગને કે વિકલ્પને સાધન બનાવીને કાંઈ સ્વાનુભવમાં પહોંચાતું નથી, રાગને અને વિકલ્પોને ઓળંગીને સીધો આત્મસ્વભાવને અવલંબીને તેને જ સાધન બનાવે ત્યારે જ આત્માનો નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે; ને ત્યારે જ જીવ કૃતકૃત્ય થાય છે. શાસ્ત્રોએ એનો અપાર મહિમા ગાયો છે. સવિકલ્પમાંથી નિર્વિકલ્પ અનુભવ થવાની જે વાત કરી તે સંબંધમાં હવે શાસ્ત્ર આધાર આપીને સ્પષ્ટ કરે છે. (ક્રમશઃ) ❋

---

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ – ભોજનાલય નિયમાવલી

### (શ્રી કુન્દકુન્દ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા સંચાલિત)

(૧) જે સાધર્મી મુમુક્ષુ સોનગઢમાં પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેવા માટે આવે છે તથા સ્થાયી નિવાસ કરે છે, તેમના માટે ભોજનની સુવિધા રાખવામાં આવેલ છે.

(૨) પૂર્વ સૂચના અથવા ભોજન પાસ વગર ભોજનાલયમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૩) સ્થાયી નિવાસ કરતાં મુમુક્ષુ સાધર્મીઓ માટે અર્ધમાસિક તથા માસિક પાસની સુવિધા ઉપલબ્ધ રહેશે.

(૪) ધર્મશાળામાં રોકાયેલ સાધર્મિઓએ પણ ભોજનપાસ લેવો અનિવાર્ય છે.

(૫) બહારગામથી આવનાર યાત્રાળુઓએ પોતાના આગમનની પૂર્વ સૂચના આપવાથી તેમને માટે ભોજન વ્યવસ્થા થઈ શકશે.

(૬) ૨૦ કે તેથી વધારે આવનાર યાત્રાસંઘે એક દિવસ પૂર્વ પોતાની સૂચના આપવી જરૂરી છે.

**નાસ્તો તથા ભોજન કૂપન પ્રાપ્ત કરવાનું સ્થળ : ભોજનશાળા કાર્યાલય, સમિતિ, સોનગઢ**
**નાસ્તા તથા ભોજન કૂપન પ્રાપ્ત કરવાનો સમય : ૧ દિવસ પહેલા અથવા**
**નાસ્તો : સવારે ૭ વાગ્યા સવારે : ૧૦.૦૦ વાગ્યા સુધી અને સાંજે : બપોરે ૩ વાગ્યા સુધી**

- તત્કાળ પધારવાવાળા યાત્રિકો તથા અન્ય વ્યક્તિઓએ ભોજન પાસ લેવો ફરજિયાત છે. તથા તેમના માટે નાસ્તા અને ભોજનનો સમય નીચે મુજબ રહેશે.

**નાસ્તો : સવારે ૮ થી ૮.૧૫ સુધી, ભોજન : ૧૨–૧૫ થી ૧ સુધી,**
**સાંજે સૂર્યાસ્તથી ૨૦ મિનિટ પહેલા**

- તમે તમારા આગમન તથા ભોજન માટેની પૂર્વ સૂચના નીચે આપેલ વોટસેપ નંબર ઉપર અવશ્ય જણાવશો જેથી તમારા માટે ઉચિત વ્યવસ્થા થઈ શકે. **(વૈભવ શાસ્ત્રી : ૯૪૯૯૭૯૬૯૯૮)**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ચોથા ગુણસ્થાને ઉપાદેયરૂપ શુદ્ધભાવ અલ્પ છે. પાંચમે છઠ્ઠે તે વધતો જાય છે. તથા હેયરૂપ વિકાર ચોથા ગુણસ્થાન કરતા પાંચમે-છઠ્ઠે મંદ થતો જાય છે. જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર સ્વજ્ઞેયને પકડવાની તાકાત વધતી જાય છે.

પરદ્રવ્યને છોડવાથી ગુણસ્થાન વધે એમ નથી. લંગોટી હતી ત્યારે પાંચમું ને લંગોટી છૂટતાં છઠ્ઠું-સાતમું એમ નથી.....પણ અંદરમાં દ્રવ્યને પકડીને તેના આચરણની ઉગ્રતા થતાં ગુણસ્થાન વધે છે. ગુણસ્થાન અનુસાર બાહ્યમાં નિમિત્તોનો સંબંધ છૂટી જાય છે. જેમકે છઠ્ઠા ગુણસ્થાને સદોષ આહાર લેવાનો ભાવ ન આવે. ત્યાં વસ્ત્રનો સંયોગ ન હોય પણ ત્યાં ગુણસ્થાન તો અંદરની શુદ્ધિથી ટક્યું છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તેથી કાંઈ છઠ્ઠું ગુણસ્થાન થઈ જતું નથી.

ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. કાંઈ ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન ન હોય, તેમજ ક્રિયા એટલે શુભભાવ, તે પણ ગુણસ્થાન અનુસાર હોય છે. અંદર ચોથું ગુણસ્થાન હોય ને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હોય એટલે છઠ્ઠા ગુણસ્થાન જેવી ક્રિયા હોય, પણ તેની અહીં વાત નથી, અહીં તો જેટલું ગુણસ્થાન પ્રગટ્યું તેને અનુસાર ક્રિયા હોય છે. અંદર છઠ્ઠું ગુણસ્થાન હોય ને વેપાર કરતો હોય-એમ ન બને. પણ તેથી શુભપરિણામને લીધે ગુણસ્થાન હોય છે-એમ નથી. ૬૭૨.

● બે જીવ સમકિતી હોય તેમાં એક તો ધ્યાનમાં બેઠા હોય ને બીજા લડાઈમાં ઊભા હોય ત્યાં બીજા સમકિતીને એમ સંદેહ નથી થતો કે અરે! અમે બન્ને સમકિતી, છતાં આ તો ધ્યાનમાં બેઠા ને મારે તો લડાઈની ક્રિયા! આવી શંકા પડતી નથી. કેમકે ઉદયભાવને આધીન સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન તો અંતરસ્વભાવના અવલંબને છે. તે સ્વભાવનું અવલંબન ધર્મીને લડાઈ વખતેય ખસતું નથી. જ્ઞાયક પ્રમાણ જ્ઞાન છે. તથા યથા અનુભવ પ્રમાણ સ્વરૂપાચરણ ચારિત્ર છે. બહારની ક્રિયા અનુસાર કે શુભરાગ અનુસાર ચારિત્ર ન કહ્યું પણ અંતરમાં અનુભવ પ્રમાણે ચારિત્ર છે. જુઓ, આ ધર્મીની શક્તિ! આવું જ્ઞાતાનું સામર્થ્ય છે. ૬૭૪

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૫
અંક-૫ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-1-2025
Posted on 1-1-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org